dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 175 | AD - 2025, Chaitra Sud-02 | Monday, Dt.31-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વિદ્યાર્થીઓના આંદોલનો અને સોશિયલ મીડિયા પર કથિત રાષ્ટ્ર વિરોધી પોસ્ટને કારણે કાર્યવાહી કરવામાં આવી

## અમેરિકાએ સેંકડો વિદેશી વિદ્યાર્થીઓના F-1 વિઝા રદ કર્યા

નવી દિલ્હી, તા.૩૦

અમેરિકાએ સેંકડો વિદેશી વિદ્યાર્થીઓના F-૧ વિઝા રદ કર્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે અમેરિકામાં અભ્યાસ કરતા સેંકડો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ઇ-મેઇલ મોકલીને દેશ છોડવાનો આદેશ આપ્યો છે. વિદ્યાર્થીઓના આંદોલનો અને સોશિયલ મીડિયા પર કથિત રાષ્ટ્ર વિરોધી પોસ્ટને કારણે આ કાર્યવાહી કરવામાં આવી છે. ભારતીય વિદ્યાર્થીઓ પણ તેનાથી પ્રભાવિત થયા છે. વિઝા રદ કરવા માટે AI-આધારિત એપ્લિકેશન 'કેચ એન્ડ રિવોક'નો ઉપયોગ થઈ રહ્યો છે. આ નિર્ણય પાછળનું કારણ યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓના આંદોલનોમાં વિદ્યાર્થીઓની ભાગીદારી જણાવવામાં આવી રહી છે. સરકારે સોશિયલ મીડિયા પર કથિત રાષ્ટ્ર વિરોધી પોસ્ટ શેર કરનારા અથવા લાઈક કરનારા વિદ્યાર્થીઓ સામે પણ કાર્યવાહી કરી છે. તેની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પણ પડી છે. અમેરિકાના વિદેશ સચિવ માર્કો રૂબિયોએ જાહેરાત કરી હતી કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં કથિત રીતે સામેલ વિદેશી વિદ્યાર્થીઓના વિઝા રદ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ વિઝા રદ કરવામાં આવ્યા છે. આ પ્રક્રિયા દરરોજ ચાલી રહી છે. દરેક દેશને એ નક્કી કરવાનો અધિકાર છે કે તેના દેશમાં કોણ રહી શકે અને કોણ નહી. યુએસ સરકારે AI



આધારિત એપ્લિકેશન 'કેચ એન્ડ રિવોક' લોન્ચ કરી છે. આ એપ વિદ્યાર્થીઓની સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓ પર નજર રાખે છે. જો કોઈ વિદ્યાર્થી હમાસ અથવા અન્ય પ્રતિબંધિત સંગઠનોને સમર્થન આપતો જોવા મળે છે, તો તેનો વિઝા રદ કરવામાં આવી રહ્યો છે. નવી વિઝા અરજી પ્રક્રિયા પણ કડક બનાવવામાં આવી છે. વિદ્યાર્થીઓને મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું હતું કે, તમારો વિઝા રદ કરવામાં આવ્યો છે. તમારે CBP હોમ એપ દ્વારા યુએસથી પોતાને ખૂદને દેશનિકાલ થવું પડશે. જો વિદ્યાર્થીઓ ગેરકાયદેસર રીતે USમાં રહે છે, તો તેમને દંડ, અટકાયત અથવા બળજબરીથી દેશનિકાલનો સામનો કરવો પડી શકે છે. ભવિષ્યમાં અમેરિકાની મુલાકાત લેવા માટે નવી વિઝા અરજી કરવી પડશે. અમેરિકામાં ૧૧ લાખ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંથી ૩.૩૨ લાખ ભારતીય વિદ્યાર્થીઓ છે. હવે આ કડક નિયમોના કારણે વિદ્યાર્થીઓમાં ભય અને ચિંતા વધી ગઈ છે. F-૧ વિઝા એ એક નોન-ઈમિગ્રન્ટ વિઝા છે જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને માન્યતા પ્રાપ્ત સંસ્થાઓમાં શૈક્ષણિક અભ્યાસ કરવા માટે અમેરિકામાં રહેવાની મંજૂરી આપે છે. આ સંસ્થાઓમાં યુનિવર્સિટીઓ, કોલેજો, ઉચ્ચ શાળાઓ, સેમિનરીઓ, કન્ઝર્વેટરી અને માન્ય ભાષા તાલીમ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. અમેરિકાના વિદેશ વિભાગના આંકડા અનુસાર, ભારતીય વિદ્યાર્થીઓ ઐતિહાસિક રૂપે અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસતિમાં એક મહત્ત્વપૂર્ણ ભાગ રહ્યાં છે.

## આરએસએસના સ્વયંસેવકો નિ:સ્વાર્થ ભાવે લોકોને મદદ કરે છે : વડાપ્રધાન





નાગપુર,તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તા.૩૦ના રોજ નાગપુરની મુલાકાતે પહોંચ્યા હતાં. અહીં પીએમ નરેન્દ્ર મોદીએ આરએસએસ મુખ્યાલય અને દીક્ષાભૂમિની મુલાકાત લીધી. આ દરમિયાન, પીએમ મોદી નાગપુરમાં સભાને સંબોધિત કરી હતી. સભાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, 'જો આપણે આપણા દેશના ઈતિહાસ પર નજર કરીએ તો, આપણે સેંકડો વર્ષોની ગુલામીનો સામનો કર્યો છે, ઘણા હુમલાઓ થયા છે, ભારતનો ચહેરો ભૂંસી નાખવાના ઘણા ક્રૂર પ્રયાસો થયા છે, પરંતુ ભારતની ચેતનાને ક્યારેય ઠેસ પહોંચી નથી.તેની જ્યોત સળગતી રહી કારણ કે સૌથી મુશ્કેલ સમયમાં પણ, નવી સામાજિક ચળવળો થતી રહી.' અહીં આરએસએસના યોગદાનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે સંઘની વર્ષોની મહેનત આજે ભારત માટે એક નવો અધ્યાય લખી રહી છે.

પોતાના ભાષણ દરમિયાન, પીએમ નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો કે સરકારની નીતિ ગરીબ લોકો માટે શ્રેષ્ઠ તબીબી સારવાર સુનિશ્ચિત કરવાની છે. તેમણે સસ્તી આરોગ્યસંભાળ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને સમાજના વંચિત વર્ગોને ગુણવત્તાયુક્ત તબીબી સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી વિવિધ પહેલો પર પ્રકાશ પાડ્યો. પોતાના ભાષણમાં RSS ની પ્રશંસા કરતા પીએમ મોદીએ કહ્યું કે આરએસએસ એ ભારતીય સંસ્કૃતિનું અક્ષયવટ છે. આ વર્ષે આરએસએસની સ્થાપનાની ૧૦૦મી વર્ષગાંઠ છે. સંઘ માટે સેવા એ સાધના છે. આપણો મંત્ર દેવથી દેશ, રામથી રાષ્ટ્ર છે. સેવાની ભાવના સ્વયંસેવકને ક્યારેય થાકવા દેતી નથી.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે સ્વયંસેવકો પોતાના અને બીજાના ભેદભાવ વિના મદદ કરવા આગળ આવે છે. ગુરુજીએ સંઘની તુલના પ્રકાશ સાથે કરી હતી. કોઈપણ આપત્તિના સમયે સ્વયંસેવકો તૈયાર રહે છે. મુશ્કેલીના સમયે, સ્વયંસેવકો સૌથી પહેલા પહોંચે છે. ગુરુજીના ઉપદેશો આપણા માટે જીવનનો મંત્ર છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે ૧૦૦ વર્ષમાં આરએસએસ એક મહાન વડનું વૃક્ષ બની ગયું છે. સ્વયંસેવકો નિ:સ્વાર્થ ભાવે લોકોને મદદ કરે છે. મહાકુંભ દરમિયાન, સ્વયંસેવકોએ મહાકુંભમાં આવતા ભક્તોની ખૂબ સેવા કરી અને લાખો લોકોને મદદ કરી. આપણે હવે ગુલામીની માનસિકતામાંથી બહાર આવી રહ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું કે મને આજે રાષ્ટ્ર યજ્ઞના આ પવિત્ર વિધિમાં અહીં આવવાનું સૌભાગ્ય મળ્યું છે. આજે ચૈત્ર શુક્લ પ્રતિપદાનો આ દિવસ ખૂબ જ ખાસ છે.





















# સાવરકુંડલાનાં વીજપડીમાં તંત્ર દ્વારા મુખ્ય બજારોમાં દબાણ હટાવાયા

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા તાલુકાના વીજપડીમાં જુદા જુદા સ્થળે થયેલા દબાણ તંત્ર દ્વારા હટાવવામાં આવ્યા હતા. પોલીસ બંદોબસ્ત સાથે તંત્રએ બજારમાં અનેક સ્થળેથી દબાણ હટાવ્યા હતા. સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે ગ્રામ પંચાયત સત્તાધીશો દ્વારા ડિમોલેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. વીજપડી બસ સ્ટેન્ડ વિસ્તારમાં જુની મેડી તેમજ ડેલીખાનું મેડીની સામેની દુકાનો ઉપર તેમજ રાજુલા રોડ તરફની દુકાનોના ઓટલાનું દબાણ હટાવવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત, મામલતદાર અને ગ્રામ પંચાયતનો સ્ટાફ દબાણ હટાવવાની આ પ્રક્રિયામાં જોડાયો હતો. પોલીસ બંદોબસ્ત સાથે વીજપડીમાં ડિમોલેશન કરવામાં આવ્યું હતું. તેમજ તાલુકા પંચાયતના અધિકારીઓ, મામલતદાર કચેરીના અધિકારીઓ અહીં હાજર રહ્યા હતા. વીજપડી ગામના ગ્રામજનો દ્વારા ડિમોલેશનમાં સહકાર આપવામાં આવ્યો હતો.

# નાના માચીયાળા પાસે આવેલ ઠેબી નદી પરનો પુલ જર્જરિત હાલતમાં

અમરેલી, તા.૩૦



અમરેલી રાજકોટ હાઈવે પર આવેલ ૪૦ વર્ષથી પણ જુનો પુલ જર્જરિત હાલતમાં છે. ચોવીસ કલાક વાહનોથી ધમધમતો આ પુલ ગમે ત્યારે ધરાશાયી થાય તેમ છે. પુલની રેલીંગ પણ તૂટી ગઈ છે અને બચી છે તે પણ અતિ જર્જરિત હાલતમાં છે. આ અંગે સ્થાનિક લોકો દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ નવો પુલ બનાવવા અંગેની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી. પુલની નીચે પણ લોખંડનાં સળીયા દેખાઈ રહ્યા છે. જો આ પુલને તાત્કાલિક બનાવવામાં નહીં આવે તો કોઈ મોટી દુર્ઘટના બને તેવી પણ શક્યતા સેવાઈ રહી છે. ભૂતકાળમાં પણ અહીં અકસ્માતનાં બનાવ બની ચૂક્યા છે. ત્યારે નાના માચીયાળા ગામના સરપંચ અને આગેવાનો દ્વારા કરાયેલી રજૂઆત બાદ તંત્ર જાગે છે કે કેમ તે જોવાનું રહ્યું.

# સાવરકુંડલા ખાતે આં.રા.હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળની બેઠક યોજાઈ

અમરેલી, તા.૩૦



સાવરકુંડલાનાં કબીર ટેકરી ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળની બેઠક પ્રદેશ અધ્યક્ષ રણછોડ ભરવાડની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં સંગઠન દ્વારા જિલ્લામાં વધુમાં વધુ હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા કાર્યકરોને આહ્‌વાન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર પ્રાંતનાં અધ્યક્ષ ડો. જી.જે.ગજેરા સહિત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દળનાં તમામ હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પીઠવાજાળ ખાતે દેસાઈ પરિવાર દ્વારા ભવ્ય સપ્તચંડી યજ્ઞ યોજાયો

અમરેલી, તા.૩૦



અમરેલી તાલુકાનાં પીઠવાજાળ ગામે ખોડિયાર મંદિર ખાતે દેસાઈ પરિવાર દ્વારા ભવ્ય સપ્તચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૈત્રી નવરાત્રીનાં પ્રથમ દિવસે જ સમસ્ત પરિવારજનોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સુરત, અમદાવાદ અને અન્ય શહેરોમાંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. સવારે સપ્તચંડી યજ્ઞ બાદ બપોરે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પરેશભાઈ દેસાઈ અને સમગ્ર દેસાઈ પરિવારજનોએ જહેમત ઉઠાવી હતી. યજ્ઞનાં શાસ્ત્રી તરીકે મહેશભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયાનાં ગોઢાવદર ગામે ચાર ગૌવંશનું સિંહે કર્યું મારણ

ગોઢાવદર, તા.૩૦



લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે સિંહે રાત્રીનાં સમયે હુમલો કરી ચાર ગૌવંશનું મારણ કર્યું હતું. ગોઢાવદર ગામનાં પાદરમાં માલધારી સોમાભાઈ પાડસારીયાના જોકમાં રાત્રીનાં સમયે સિંહે ત્રણ ગાય અને એક વાછરડી પર હુમલો કરી મારણ કર્યું હતું. ગ્રામજનોનાં જણાવ્યા મુજબ નવ સિંહોનું ટોળું રાત્રીનાં સમયે ગામમાં આવી ચડ્યું હતું. સિંહોનાં ગ્રામ્ય વિસ્તારમાં આંટાફેરાથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.


# જાફરાબાદ તાલુકાનાં શિયાળબેટમાં રહેતા યુવકનું દરિયામાં ડૂબી જતા મોત

અમરેલી, તા.૩૦

જાફરાબાદ તાલુકાના શિયાળબેટમાં રહેતો એક યુવક દરિયામાં માછીમારી કરી રહ્યો હતો ત્યારે અકસ્માતે દરિયામાં પડી જતા તેનું ડૂબી જવાથી મોત નિપજયું હતું. મૃતક યુવકની લાશને બહાર કાઢી પીએમ માટે દવાખાને ખસેડવામાં આવી હતી. દરિયામાં યુવકના ડૂબી જવાની આ ઘટના જાફરાબાદના દરિયામાં ૧૦ નોટીકલ માઈલ દુર બની હતી. શિયાળબેટમાં રહેતા ભગાભાઈ અરજણભાઈ બાળધીયા (ઉ.વ.૩૭) નામનો યુવક માછીમારી માટે દરિયામાં ગયો હતો. આ ઘટના જાફરાબાદના દરિયામાં ૧૦ નોટીકલ માઈલ દુર બની હતી. દરિયામાં અકસ્માતે પાણીમાં પડી જતા તેનુ ડૂબી જવાથી મોત નિપજયું હતું. યુવકની લાશને પાણીમાંથી બહાર કાઢી પીએમ માટે દવાખાને ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે અરજણભાઈ વાલાભાઈ બાળધીયાએ જાફરાબાદ મરીન પોલીસ મથકમાં જાણ કરી હતી. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એ.આર.ઝાલા ચલાવી રહ્યાં છે. આ બનાવ અંગે વધુ તપાસ જાફરાબાદ મરીન પોલીસ મથક દ્વારા ચલાવાઈ રહી છે.

# સાવરકુંડલાના સલીમ શેખની ન્યાય અને અધિકાર કમિટીમાં નિમણૂક

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલાના મુસ્લિમ અગ્રણી અને સેવાભાવી સક્રિય યુવાન સલીમ યુનુસભાઈ શેખને ન્યાય અને અધિકાર કમિટીમાં ગુજરાતના ઉપપ્રમુખ તરીકે નિમણૂક અપાઈ છે. સલીમભાઈ શેખ વિવિધ સેવાકીય સંસ્થા અને મીડિયા સાથે પણ જોડાયેલા છે. યુવા એકતા મંચ અને માનવતા એકતા કમિટીમાં પ્રમુખ તરીકેની જવાબદારી પણ સંભાળે છે. સલીમ શેખ એક પ્રમાણિક અને સેવાભાવી વ્યક્તિત્વ છે, તેઓ સાવરકુંડલાના ઘણા યુવાનો અને ગરીબો સાથે જોડાયેલ છે.

# બાબરા તાલુકાનાં ખરાબ રસ્તાઓનાં કારણે મુસાફરો ત્રાહિમામ : પ્રભાતભાઈ કોઠીવાળે મુખ્યમંત્રીને કરી રજૂઆત

કોટડાપીઠા, તા.૩૦

બાબરા તાલુકાનાં ખરાબ રોડ રસ્તાઓ અંગે જિલ્લા પંચાયતનાં સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, જિલ્લા પંચાયત હસ્તકનાં રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગ સ્ટેટને આપી તેનું નવીનીકરણ કરવામાં આવે. હાલમાં કોટડાપીઠાથી ખાનપર, બાબરા-નીલવડા, વાંકિયા-લાલકા થી જસદણને જોડતા કાચા રસ્તાઓને નોન પ્લાન તળે મંજૂરી આપવા રજૂઆત કરાઈ છે. ઉપરાંત તાલુકાનાં મોટા ભાગનાં રસ્તાઓ ખરાબ અને જર્જરિત હાલતમાં છે અને તેના ટેન્ડર પણ થયેલ છે પરંતુ વહીવટી પ્રક્રિયાને કારણે આ કામો શરૂ થઈ શક્યા નથી જેનાં કારણે રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ઉપરાંત રાજકોટ-ભાવનગર હાઈવે પર પણ જંગલ ખાતાની મંજૂરીનાં વાંકે અમુક રસ્તાઓ બની શક્યા નથી. આ અંગે તેઓએ સાંસદ અને ધારાસભ્યને પણ પત્ર પાઠવી રજૂઆત કરી છે.

# સાવરકુંડલામાં એસ.સી, એસ.ટી, ઓબીસી શૈક્ષણિક અને સામાજિક સમિતિનું સંમેલન યોજાયું

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા શહેર ખાતે એસ.સી, એસ.ટી, ઓબીસી શૈક્ષણિક અને સામાજિક સમિતિ દ્વારા કાનજીબાપુ ઉપવન વાડીમાં શૈક્ષણિક શિબિર અને સામાજિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શિક્ષણવિદ્ ધર્મેન્દ્રભાઈ કનાલાએ શૈક્ષણિક માર્ગદર્શન આપ્યું હતું. આ સંમેલનમાં એસ.સી, એસ.ટી, ઓબીસી સમાજના આગેવાનો, પત્રકાર મિત્રો, વાલીઓ અને વિદ્યાર્થીઓ હજારોની સંખ્યામાં જોડાયા હતા. સમિતિ દ્વારા સમાજના ગરીબ બાળકોને શૈક્ષણિક સહાય પૂરી પાડવામાં આવે છે અને તેમના અભ્યાસ માટે જરૂરી મદદરૂપ થવા માટેના કાર્યો કરવામાં આવે છે. આ સંમેલનમાં નવનિયુક્ત નોટરી એડવોકેટનું સન્માન કરવામાં આવ્યું હતું.

# શ્રી સારથી નાગરિક શરાફી મંડળી લી.ની કુંકાવાવ શાખાનો પ્રારંભ

અમરેલી, તા.૩૦



કુંકાવાવ ખાતે શ્રી સારથી નાગરિક શરાફી મંડળી લી.ની નવી શાખાનો ભવ્ય પ્રારંભ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે કરવામાં આવ્યો હતો. આ તકે જુના વાઘણીયાથી જસાભગત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશિર્વચન પાઠવ્યાં હતા. સાંસદ ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ તકે મોટી સંખ્યામાં રાજકીય, સામાજીક અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મંડળીનાં સ્થાપક અને ચેરમેન રાજેશભાઈ ગઢીયાએ જણાવ્યું હતુ કે, અમારી મંડળી દ્વારા કુંકાવાવ વિસ્તારનાં જરૂરીયાતમંદ લોકોને સહકારની ભાવનાથી મદદરૂપ થવાનો પ્રયાસ કરવામાં આવશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર ★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ ★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ ★★★★★
લાંબી આરામદાયક સીટ ★★★★★
મોટું ફ્લોરબોર્ડ ★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર ★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
DESTINI 125
રહો બે કદમ આગળ
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# વડીયામાં ધોમધખતા તાપમાં વીજ કાપ કરાતા લોકો ત્રાહિમામ્

વડિયા, તા.૩૦

હાલમાં સમગ્ર રાજયમાં એમ.વી.સી.સી. કેબલથી વીજ પ્રવાહ આપવાની યોજના અમલમાં છે. જેની શરૂઆત ગત ચોમાસા દરમિયાન વડીયા ખાતે કરવામાં આવી હતી. અને આ કામગીરી ઉનાળા પહેલા તાત્કાલિક પૂરી કરવા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા સ્થાનિક અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. પરંતુ વડીયા પીજીવીસીએલ દ્વારા કોઈપણ પ્રકારનાં આયોજન વગર શિયાળા દરમ્યાન કામગીરી પૂર્ણ કરવામાં આવી ન હતી. જેનાં કારણે ધોમધખતા તાપમાં હાલમાં કેબલ બદલવાની કામગીરી શરૂ રાખવામાં આવી છે. ઉનાળાનાં દિવસોમાં રવિવારે આખો દિવસ વીજકાપ મૂકાતા વડીયાનાં લોકો ગરમીમાં શેકાયા હતા અને વીજ કેબલ બદલવાની કામગીરી સવારે ૭ થી ૧૧ સુધી જ કરવામાં આવે તેવી માંગ કરી હતી. સાથે જ જે એરીયામાં કામગીરી શરૂ હોય તેટલા વિસ્તારમાં પાવરકાપ મૂકવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે. ધોમધખતા તાપમાં પીજીવીસીએલનાં કર્મચારીઓએ જીવના જોખમે વીજપોલ પર ચડી કામગીરી કરી હતી. સ્થાનિક આગેવાનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ તાત્કાલિક આ અંગે વીજ અધિકારીઓને ઘોર નિંદ્રામાંથી જગાડે તેવું વડીયાનાં શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

**ભરબપોરે પીજીવીસીએલનાં કર્મચારીઓ પણ વીજપોલ પર કામગીરી કરતા જોવા મળ્યા**

# અમરેલીનાં સરંભડા ગામે ૪૦ વર્ષીય પુરૂષનો મૃતદેહ મળી આવતા ચકચાર

અમરેલી, તા.૩૦



અમરેલી તાલુકાના સરંભડા ગામે શરદભાઈ કાછડીયાના ઘરમાંથી રમેશભાઈ કનુભાઈ હરીયાણી (ઉંમર આશરે ૪૦ વર્ષ)ની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બનાવની વિગત જોઈએ તો સરંભડા ગામના સરપંચને શરદભાઈ કાછડીયાના બંધ મકાનના ડેલામાં એક પુરુષનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી મળી હતી. આ અંગે તેઓએ પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતા આ મૃતદેહ રમેશભાઈ હરીયાણીનો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતકના શરીર પર નાની મોટી ઈજાના નિશાન જોવા મળતા પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે ખસેડ્યો હતો. ઘટનાની તપાસ કરતા પોલીસે ચાર વ્યક્તિઓની અટકાયત કરી હોવાનું પણ જાણવા મળે છે. સાચું કારણ તો સમગ્ર ઘટનાની તપાસ બાદ જ જાણવા મળશે પરંતુ બંધ મકાનમાં પુરૂષની લાશ મળતા સરંભડા ગામમાં ચકચાર મચી જવા પામી છે.

# મંજીયાસર પ્રાથમિક શાળાની ઘટનાને લઈ પાંચ શિક્ષકોને ગાંધીનગરનું તેડું

બગસરા, તા.૩૦

બગસરા તાલુકાના મોટા મંજીયાસર ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ હાથ પર કાપા મારીને પોતાની જાતને ઈજા પહોંચાડી હતી. આ ઘટનાને પગલે બાળ સુરક્ષા આયોગે શાળાના પાંચ શિક્ષકોને નિવેદન માટે ગાંધીનગર બોલાવ્યા હતા. થોડા દિવસો પહેલા, શાળાના ૪૦ જેટલા બાળકોએ બ્લેડ વડે હાથ પર કાપા મારીને પોતાની જાતને નુકસાન પહોંચાડ્યું હતું. આ ઘટના બાદ પોલીસ અને શિક્ષણ વિભાગે તપાસ શરૂ કરી હતી. પોલીસ વિભાગે પોતાનો અહેવાલ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને સુપરત કર્યો હતો. બાળ સુરક્ષા આયોગે શાળાના આચાર્ય સહિત પાંચ શિક્ષકોને નિવેદન માટે ગાંધીનગર બોલાવ્યા હતા. શનિવારે આ પાંચ શિક્ષકોએ આયોગ સમક્ષ પોતાનું નિવેદન આપ્યું હતું. મંજીયાસર શાળાની ઘટના બાદ ડીસાની શાળામાં પણ આવી જ ઘટના બની હતી.

# સા.કુંડલા પોલીસે છેતરપિંડીના ગુનાનાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો

અમરેલી, તા.૩૦



અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં ASP વલય વૈદ્યના નેતૃત્વમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે વિશેષ સ્ક્વોડની રચના કરવામાં આવી છે. આ સ્ક્વોડે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં કેટલાક મહિના પહેલા વિશ્વાસઘાતનો કેસ નોંધાયો હતો. આ કેસનો આરોપી અરૂમગમ મુરગન ગ્રાઉન્ડર ફરાર થઈ ગયો હતો. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે તેને દિલ્હીના પહાડગંજ વિસ્તારમાંથી ઝડપી લીધો છે. આરોપી મૂળ રાજસ્થાનના બીકાનેરનો વતની છે અને હાલમાં તમિલનાડુમાં રહે છે. તેને પકડીને સાવરકુંડલા પોલીસને સોંપવામાં આવ્યો છે. હાલમાં પોલીસ દ્વારા તેની પૂછપરછ ચાલી રહી છે. આ સફળ કામગીરીમાં સ્ક્વોડના PSI આર.આર. ગળચર, જીજ્ઞેશભાઈ અમરેલીયા, મહેશભાઈ મહેરા, જયપાલસિંહ ગોહિલ, મિતેષભાઈ વાળા સહિતના પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

# ખાંભાના અનિડા ગામે પ્રાથમિક શાળાની અગ્રણીઓએ અચાનક મુલાકાત લીધી

ખાંભા, તા.૩૦



ખાંભા તાલુકાના અનિડા પ્રાથમિક શાળાની જિલ્લા શિક્ષણ સમિતિ-અમરેલીના ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સભ્ય કાળુભાઈ ફિંડોળિયા દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. તેમણે સ્કૂલમાં થતી વિવિધ પ્રવૃત્તિની માહિતી મેળવી હતી તેમજ બાળકો સાથે વાર્તાલાપ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાની હાકલ કરી હતી.

# અમરેલી જિલ્લામાં નાની સિંચાઈ યોજનાની મુદતમાં વધારો કરવા અતુલ કાનાણીની રજૂઆત

**કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર પાઠવી રજૂઆત કરાઈ**

અમરેલી, તા.૩૦



અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાના બેચ નંબર ૬ ના પ્રોજેક્ટની મુદત વધારવા માટે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરી છે. આ પ્રોજેક્ટ તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજ પૂર્ણ થવાનો છે, પરંતુ લોકસભા ચૂંટણીની આચારસંહિતા અને મોડે સુધી પડેલા વરસાદને કારણે કામગીરી પૂર્ણ થઈ શકી નથી. આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે વધુ સમયની જરૂર છે, અને આ માટે સ્થાનિકો દ્વારા પ્રોજેક્ટની મુદત વધારવાની માંગ કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટ અમરેલી જિલ્લાના ખેડૂતો માટે અત્યંત મહત્વનો છે, કારણ કે તેનાથી સિંચાઈની સુવિધાઓમાં વધારો થશે અને ખેતી ઉત્પાદનમાં વધારો થશે. આ પ્રોજેક્ટની મુદત વધારવા માટે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ રજૂઆત કરી છે કે તેઓ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે અને પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે જરૂરી સમય આપે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી અમરેલી જિલ્લાના ખેડૂતોને ઘણો ફાયદો થશે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે.


# રમજાન ઈદ અને રામનવમી તહેવારોને લઈ સાવરકુંડલા ટાઉન પોલીસ તંત્ર દ્વારા ફૂટ પેટ્રોલિંગ

**તહેવારો શાંતિથી ઉજવાય તે માટે પોલીસ તંત્ર ખડેપગે**

સાવરકુંડલા, તા.૩૦



સાવરકુંડલા શહેરમાં આગામી ધાર્મિક તહેવારો રમજાન ઈદ અને રામનવમી શાંતિ અને સુલેહથી ઉજવાય તે માટે પોલીસ તંત્ર ખડેપગે છે. આ માટે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી, જેમાં સમાજના તમામ વર્ગના લોકોને તહેવારો શાંતિથી ઉજવવા માટે જાહેર અપીલ કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિના જતન માટે જરૂરી છે કે લોકો દરેક ઉત્સવ હર્ષ, ઉલ્લાસ અને ઉમંગ સાથે ઉજવે. સાથે જ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ તંત્ર દ્વારા શહેરમાં માર્ચ પાસ્ટ અને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા પોલીસ તંત્ર સતત સતર્કતા સાથે પોતાની ફરજ બજાવી રહ્યું છે, જેથી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે.




# સા.કુંડલાના કબીર ટેકરી આશ્રમ ખાતે ચૈત્રી નોરતાના પ્રથમ દિવસે શ્રીખંડનું વિતરણ




સાવરકુંડલા, તા.૩૦

સા.કુંડલા શહેરમાં ચૈત્રી નોરતાના પ્રથમ દિવસે અહીં કબીર ટેકરી આશ્રમ ખાતે ચાલતાં ભૂખ્યાને ભોજન ટિફિન સેવામાં આજરોજ ૨૫૦ જેટલા પરિવારોના ઘરે જૈન ભોજન સાથે શ્રીખંડ વિતરણ કરવામાં આવેલ. મહંત નારણદાસ સાહેબના માર્ગદર્શન અને અનોખી સૂઝ હેઠળ માનવસેવામાં કબીર સાહેબના 'ભૂખ્યાને ભોજન' એ સૂત્રને સાર્થક કરતી આ ટિફિન સેવા છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત છે. આજના ભોજનના દાતા નીલાબેન પ્રભુદાસ દોશી તથા રેખાબેન સૂર્યકાન્તભાઈ દોશી સા.કુંડલા - બોમ્બે રહ્યા હતા.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ. બળવંતરાય મગનભારથી ગોસાઈ (ઉ.વ.૮૦)નું તા.૧૮/૦૩/૨૦૨૫ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું સદ્‌ગતનું બેસણું તા.૩૧/૦૩/૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ કલાકે "શિવ કૃપા" ગીતાંજલી સોસાયટી, પાણીના ટાંકાની આગળ, જેસર રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

હિંમતલાલ ગીરધરલાલ પોપટ (ઉ.વ.૮૨) તે હરેશભાઈ હિંમતલાલ પોપટ, કમલેશભાઈ હિંમતલાલ પોપટ, જગદીશભાઈ હિંમતલાલ પોપટના પિતાશ્રીનું તા.૨૭/૩/૨૫ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું સદગતનું બેસણું તા.૩૧/૩/૨૫ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રિદ્ધિસિદ્ધિનાથ મહાદેવ મંદિર નાવલી પોલીસ ચોકી પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**જસદણ**

જસદણના રહેવાસી સ્વ. મગનભાઈ બાવજીભાઈ વાજાના ધર્મપત્ની શાંતાબેન મગનભાઈ વાજાનું ૯૫ વર્ષની વયે નિધન થયેલું છે. જેનું સદગત બેસણું ૩૧/૦૩/૨૦૨૫ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી તેમના નિવાસસ્થાન સહિયર સોસાયટી બાયપાસ રોડ ખાતે રાખેલ છે.

**રાજકોટ**

રાજકોટ લોહાણા સ્વ.સંજય જયેન્દ્રકિશોર રાયઠઠ્ઠા (ઉ.વ.૫૮) તેઓ સ્વ.જયેન્દ્રકિશોર બાબુલાલ રાયઠઠ્ઠા (ધ્રાફાવાળા)ના મોટા સુપુત્ર, વૈશાલીબેનના પતિ તથા નૈતીકભાઈના પિતા, મનિષભાઈ, સીમાબેન મહેશકુમાર નથવાણીના ભાઈ, મહેશકુમાર નંદલાલ નથવાણીના સાળા તા.૩૦-૦૩-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૩૧-૦૩-૨૦૨૫ને સોમવારના રોજ- સાંજે ૫ થી ૬ કલાકે - શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક મેઈન રોડ, ઈન્દિરા સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# વડિયા પાસે ડમ્પરે બાઈકને અડફેટે લેતા ત્રણ લોકો ઈજાગ્રસ્ત

**અકસ્માત બાદ ડમ્પર નદીમાં ખાબકતા આગ લાગી**



વડિયા, તા.૩૦

વડિયા થી જેતપુર જતા રોડ પર ચારણીયા નજીક સ્વામિનારાયણ હાઈસ્કૂલ પાસે સુરવો નદીનાં પુલ પર સાંજના સમયે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેતપુર તરફથી આવતા ડમ્પર સાથે બાઈક ધડાકાભેર અથડાયું હતુ. જેને બચાવવા જતાં ડમ્પર પુલ પરથી નદીમાં ખાબક્યું હતું. જેના કારણે ડમ્પરમાં આગ લાગી હતી. અકસ્માતનાં કારણે બાઈકમાં સવાર ત્રણ લોકોને ગંભીર ઈજાઓ થઈ હતી. જેઓને પ્રથમ સારવાર માટે વડિયા દવાખાને લાવવામાં આવ્યા હતા. જયાંથી વધુ સારવાર અર્થે જેતપુર ખસેડાયા હતા. આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકોનાં ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

# મહુવા પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને અમરેલી એલ.સી.બી. ટીમે દબોચ્યો

**આરોપી સામે રાજયના અલગ અલગ શહેરોમાં ગુના નોંધાયેલા છે**

અમરેલી, તા.૩૦

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતનાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપ્યું હતું. જે અનુસંધાને અમરેલી એલ.સી.બી. પીઆઈ વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા ટાઉનમાં પેટ્રોલિંગ હતી તે દરમિયાન મળેલી બાતમી હકિકત આધારે ભાવનગર



જિલ્લાના મહુવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા ભરતભાઈ જગુભાઈ ગીડા(ઉ.વ.૩૪, રહે. સાવરકુંડલા) ને પકડી પાડી, મહુવા પોલીસ સ્ટેશન હવાલે કર્યો હતો. આરોપી સામે ધારી, સાવરકુંડલા, સુરતના મહીધરપુરા, વડોદરા શહેરના ડીસીબી પોલીસ સ્ટેશન, ચલાલા, ખાંભા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા છે.

# ચલાલાના શિવસાઈ ગ્રુપ દ્વારા સમૂહલગ્નનું આયોજન કરાશે

ચલાલા, તા.૩૦

**૧૧ દીકરીઓના વિનામૂલ્યે લગ્ન થશે**

શ્રી દાન મહારાજની ભૂમિ ચલાલાના આંગણે શિવસાઈ ગ્રુપ અને શ્રી મોગલ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૩મા સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહલગ્નમાં ૧૧ જરૂરીયાતમંદ પરિવારની દીકરીઓને કરિયાવરમાં વધુને વધુ વસ્તુઓ મળે તે હેતુથી અમરેલીમાં શિવશક્તિ મહિલા મંડળ દ્વારા શિવ મહાપૂરાણ મહિમા કથાનું આયોજન કરાશે. આ સમૂહલગ્નમાં જોડાવા માટે દીકરા-દીકરીઓના વાલીઓએ સેવા ટ્રસ્ટના મો. નં. ૯૪૦૮૨ ૭૮૮૫૩ તથા ૯૪૨૮૨ ૬૧૦૧૪ ઉપર સંપર્ક કરવા ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયા-વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

# ચલાલા એસબીઆઈ બેંકની સક્રિયતાના કારણે બે લાખ રૂપિયાનો ચેક અર્પણ કરાયો

ચલાલા, તા.૩૦

ચલાલા એસબીઆઈ બેંકના મેનેજર તથા સ્ટાફની સક્રિયતા અને ફરજનિષ્ઠાથી ચલાલાના રહીશ અને એસબીઆઈ બેંકના ગ્રાહકના અવસાન બાદ તેઓના વારસદારને પ્રધાન મંત્રી જીવન જ્યોત યોજના અંતર્ગત ચલાલા બેંક દ્વારા બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જેને લઈ વારસદાર પરિવારમાં



રાહત અનુભવાઈ હતી. જાણવા મળેલ વિગત મુજબ થોડા વખત પહેલા ચલાલાના રહીશ અને એસબીઆઈના ગ્રાહક મથુરભાઈ મનજીભાઈ રાણાવડીયાનું અવસાન થતા એસબીઆઈ મેનેજર ચંદન કુમારે તાત્કાલીક સ્વ. મથુરભાઈના વારસદારને બોલાવી જરૂરી ડોક્યુમેન્ટ મેળવી નિયમ મુજબની તાત્કાલીક પ્રોસેસ કરાવી હતી. સ્વ. મથુરભાઈ રાણાવડીયાના વારસદાર સુધીરભાઈ રાણાવડીયાને બોલાવી તેઓના પરિવારની ઉપસ્થિતિમાં બે લાખ રૂપિયાનો ચેક અર્પણ કરતા પરિવારજનોએ બેંક મેનેજર અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધારીના ખીચા ગામે રામદેવ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું



ધારી, તા.૩૦

ધારી તાલુકાના ખીચા ગામે દેવાંગી આશ્રમ ખાતે સવરા મંડપ મહોત્સવ તથા રામદેવ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ઢોલ અને ડીજેના તાલ સાથે નીકળેલી ભવ્ય પોથી યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. દેવાંગી આશ્રમ ખાતે રામદેવ કથા વ્યાસપીઠ પદે વક્તા કલ્યાણદાસબાપુ મેંદરડા વાળા દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવે છે.

# ગોપાલગ્રામ પાસે ઓટો રીક્ષાની આડે બાઈક ઉભું રાખી ચાલકને ગાળો આપી

ચલાલા, તા.૩૦

ચલાલાના ગોપાલગ્રામ પાસે બગસરામાં રહેતા એક રીક્ષા ચાલક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે નિલેશભાઈ શાહબુદ્દીનભાઈ ભીમાણી (ઉ.વ.૪૧)એ રાજુભાઈ અમરશીભાઈ પરમાર તથા કરણભાઈ દીનેશભાઈ ખાંભુ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના મિત્ર અલ્પેશભાઈ પોપટભાઈ અણજારીયા બગસરા વાળાએ આશરે છ વર્ષ પહેલા પ્રેમલગ્ન કરેલ હોય અને ત્યારબાદ એ બંનેને છૂટાછેડા થયા હતા. તેઓને સંતાનમાં દીકરો હોય જે બાબતે અલ્પેશભાઈએ ધારી કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી અને આ દીકરાને અલ્પેશભાઈ રાખવા માંગતા હતા. જેથી તેમણે રાજુભાઈ પરમારને કહેલ કે આ દીકરો અલ્પેશભાઈ સાથે રહે તો સારૂ. જે બાબતે બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. તેનો ખાર રાખી આરોપીઓએ ગોપાલગ્રામ પાસે તેમની ઓટો રીક્ષા આડે પોતાનું મો.સા. ઉભુ રાખી લાકડાના ધોકાથી રીક્ષાનો કાચ તોડીને ગાળો આપી હતી અને શરીરે આડેધડ માર માર્યો હતો. જેમાં ફ્રેક્ચરની ઈજા થઈ હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.પી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# તાપમાનમાં ઘટાડો થતાં લોકોને ગરમીથી આંશિક રાહત

અમરેલી, તા.૩૦

રાજયમાં હાલ લોકોને બેવડી ઋતુનો અનુભવ છેલ્લા બે-ત્રણ દિવસથી થઈ રહ્યો છે. ત્યારે તાપમાનમાં ઘટાડો થતા એકાએક વાતાવરણમાં પલટો આવતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે. વાતાવરણમાં ભેજ અને ગરમીનાં કારણે આ મિશ્ર ઋતુનો અનુભવ લોકો કરી રહ્યા છે. આગામી દિવસોમાં તાપમાન વધે તેવી શક્યતા છે.

# સા.કુંડલામાં વોર્ડ નં-૧ થી ૯માં રસ્તા અને ગટરની કુંડીઓ રિપેર કરાવવા સ્થાનિકોની માંગ

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા વોર્ડ નંબર ૧ થી ૯ માં રોડ રસ્તા તેમજ ગલી મહોલ્લાની ગટરોની કુંડીઓ તૂટી ગયેલ છે અને તેમાંથી ગંદા પાણી રોડ રસ્તા અને ગલી મહોલ્લામાં વહી રહ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં શહેરીજનોને પાણીનું વિતરણ સમયસર થતુ નથી અને જ્યાં પાણીનું વિતરણ થઈ રહ્યું છે ત્યાં પાણીનો બગાડ કરવામાં આવે છે તે અંગેની ફરિયાદો લોકો દ્વારા થઈ રહી છે. તેમજ સાવરકુંડલાના વોર્ડ નંબર ૧ થી ૯ માં યોગ્ય સફાઈ કરવામાં આવતી નથી. કચરો લેવા માટે મોટાભાગના વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરા કલેક્શન ગાડીઓ પણ આવતી નથી. અને રોડ ઉપર કચરાઓનાં ઢગલાઓ થઈ રહ્યા છે. આ તમામ બાબતે અરજદારો દ્વારા નગરપાલિકામાં રજૂઆતો કરવામાં આવે છે. તેમ છતાં આ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવતું નથી. વોર્ડ નંબર ૧ થી ૯ના રહીશોએ જણાવ્યું હતું કે ઉપરોક્ત મુદ્દાઓનું આગામી દસ દિવસમાં કોઈપણ પ્રકારનું નિરાકરણ લાવવામાં નહી આવે તો નગરપાલિકા કચેરી સામે પ્રતિક ધરણા અને ઉગ્ર આંદોલન

**૧૦ દિવસમાં નિરાકરણ નહી આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી**

કરવાની ફરજ પડશે. ઉપરોક્ત મુદ્દાઓનું સત્વરે નિરાકરણ લાવવા નગરપાલિકાના ચીફ ઓફિસરને પત્ર પાઠવી રહીશો દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બીજ
તા. ૩૧-૦૩-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૩, સૂર્યાસ્ત-૦૬:૩૮, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

**તા.૩૧-૦૩-૨૦૨૫ સોમવાર**

મેષ:આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.

કન્યા: આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

# અમરેલીની માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજની વિદ્યાર્થિનીઓનો જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટમાં ઉત્કૃષ્ઠ દેખાવ

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજની વિદ્યાર્થિની પઠાણ સુનેરા અમજદભાઈએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા આયોજિત 'જિલ્લા કક્ષા યુથ પાર્લામેન્ટ' વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. દીપક હાઈસ્કૂલમાં આયોજિત આ સ્પર્ધામાં ૧૫ થી ૨૯ વર્ષના ૮૨ યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. પઠાણ



સુનેરા એસ.વાય.બી.એ.માં અભ્યાસ કરે છે અને તેણે જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ૨૧ હજારનું રોકડ ઈનામ અને પ્રમાણપત્ર મેળવ્યું છે. ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થિની જોશી હેમાદ્રીએ ચોથું સ્થાન મેળવી ૫ હજારનો રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલી પઠાણ સુનેરા હવે ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. બંને વિદ્યાર્થિનીઓને ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.વેલિયત સાહેબ, સમગ્ર સ્ટાફ મેમ્બર્સ, વિદ્યાર્થિનીઓ અને ટ્રસ્ટીઓએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

# વડીયાના મેઘા પીપળીયા ગામે તું મારી ડેરીએ દૂધ આપવા આવતો નહી કહી યુવક પર હુમલો કર્યો

**લોખંડના પાઇપના ઘા મારી ધમકી આપી**

વડીયા, તા.૩૦

વડીયાના મેઘા પીપળીયા ગામે 'તું મારી ડેરીએ દૂધ આપવા આવતો નહીં' કહી યુવક પર હુમલો કર્યો હતો. બનાવ સંદર્ભે પ્રતાપભાઈ મજબુતભાઈ ગળચર (ઉ.વ.૩૧)એ રેનીશ ધનાભાઈ સરસૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ આરોપીની દૂધની ડેરીએ દૂધ ભરવા માટે ગયા હતા. દૂધ ભરી ગામના પાદરમાં આવતા હતા ત્યારે આરોપીએ તેમને 'ચાલો તો આગળ તમારૂ કામ છે' તેમ કહી ગામથી બહાર તરઘરી ગામના માર્ગે લઈ ગયા હતા. જ્યાં તેમને 'તું કેમ દૂધ સારૂ આપતો નથી અને હવે તું મારી ડેરીએ દૂધ આપવા આવતો નહી', તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ હાથમાં રહેલ લોખંડના પાઈપનો ઘા મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# દહીડા ગામેથી મધ્ય પ્રદેશના યુવક પાસેથી વિદેશી દારૂની ૯ બોટલ પકડાઈ

અમરેલી, તા.૩૦

**દારૂની બોટલો સહિત ૧૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલીના દહીડા ગામે પ્રાથમિક શાળાથી આગળ રોડ ઉપર મધ્ય પ્રદેશનો એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની ૯ બોટલ સાથે ઝડપાયો હતો.

કેશરીયા ઉર્ફે કેશરભાઈ રૂમાલભાઈ ઉર્ફે ભીમસિંગ માવી પાસેથી પોલીસે દારૂની બોટલો સહિત ૧૩૫૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જિલ્લામાં ચાર સ્થળેથી ૨૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. અમરેલી જગુપુલ પાસેથી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. જિલ્લામાંથી છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# વડીયાના મોટી કુંકાવાવમાં રૂ. ૭૫ હજારની ઘરફોડ

વડીયા, તા.૩૦

વડીયાના મોટી કુંકાવાવમાં રહેણાંક મકાનમાં ત્રાટકેલા ચોર ઈસમો ૭૫ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ સંદર્ભે નિર્મળાબેન મનુભાઈ ગોહીલ (ઉ.વ.૫૪) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, કોઈ અજાણ્યો ચોર ઈસમ તેમના રહેણાંક મકાનમાં ગેરકાયદે પ્રવેશ કરી ઓસરીમાં લોખંડની ગ્રીલની જાળી તોડી ઘરના રૂમમાં પ્રવેશ્યો હતો. લોખંડના કબાટનો લોક તોડી કબાટના લોકરમાં રહેલા રોકડા રૂ.૩૦,૦૦૦, સોનાની વીંટી નંગ-૦૪, કાનમાં પહેરવાની એક જોડી સોનાની બુટી, કાનમાં પહેરવાના સોનાના કાપ મળી કુલ કિં.રૂ.૭૫,૦૦૦ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

વડીયા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.એન. દવે વધુ તપાસ કરી રહ્યા છે.

# શિહોરના પાંચવડાના યુવકે પોલીસને જોઈ લેવાની ધમકી આપી

મરીન પીપાવાવ, તા.૩૦

મરીન પીપીવાવ પોલીસ સ્ટેશનનાં ફરજ બજાવતા અના. હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ ભગવાનભાઈ ઝીંઝાળાએ ભાવનગરના શિહોર તાલુકાના પાંચવડાના દેવપાલસિંહ ઈન્દ્રપાલસિંહ ગોહિલ (ઉ.વ.૪૦) સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સાહેદ પોતાની કાયદેસરની ફરજમાં ટ્રાફિક ડ્રાઈવમાં હતા. તે દરમિયાન આરોપીએ ટ્રાફિક નિયમોનો ભંગ કર્યો હતો. આરોપીએ ફોરવ્હીલમાં સેફ્ટી બેલ્ટ ન બાંધતા સમાધાન શુલ્ક પાવતી રૂ.૫૦૦ દંડ આપતા સારૂ નહીં લાગ્યું. જેથી માથાકૂટ કરી તેમને તથા અન્ય માણસોને ઉશ્કેરવાની કોશીષ કરી હતી. આરોપીએ એલ.એલ.બી.માં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરુ છું તેમ કહી તમો પોલીસને જોઈ લઈશ તેમ ધમકી આપી હતી.

**તંત્રી લેખ**

# નેપાળમાં ફરીવાર રાજાશાહી આવશે ?

એક સમયે અખંડ ભારતનો એક ભાગ ગણાતું હિન્દુ રાષ્ટ્ર નેપાળ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાના ચગડોળે ચડ્યું છે. નેપાળની અંદર વર્તમાન લોકશાહી સરકારની સામે લોકો જંગે ચડ્યા છે. નેપાળના પાટનગર કાઠમંડુ શહેરના લોકો શેરી ઉપર ઉતરી આવ્યા છે અને લોકશાહી વિરુદ્ધ જંગ છેડી રહ્યા છે. લોકો એમ માને છે કે નેપાળમાં રાજાશાહી સ્થાપિત થવી જોઈએ અને લોકશાહીનો અંત આવવો જોઈએ કારણ કે લોકશાહીને કારણે તેને કોઈ જ ફાયદો થયો નથી પરંતુ મોંઘવારી વધી છે. બીજી બાજુ ચીનના વધુ પડતા હસ્તક્ષેપથી નેપાળમાં કટોકટી જેવી સ્થિતિ છે. લોકો નેપાળમાં ફરી વખત રાજાશાહી આવી જાય તેવી માંગ કરી રહ્યા છે. એની સામે નેપાળના અંતિમ રાજવીએ પણ જનતાની સામે આવીને તેનુ સમર્થન કર્યું છે. આમ જોઈએ તો ત્યાંની રાજાશાહી શ્રાપિત રાજાશાહી છે. ગુરુ ગોરખનાથના શાપથી રાજવી પરિવાર સતત મુશ્કેલી અનુભવી રહ્યો છે. નેપાળના રાજવી પરિવારને કોનો શ્રાપ નડી રહ્યો છે તે જાણવું પણ આજની તારીખે જરૂરી છે કારણ કે ઈતિહાસનો એ એવો કાલખંડ છે જેના વિષે લોકો બહુ ઓછું જાણે છે પરંતુ વર્તમાન સંજોગોમાં જે આંદોલન ચાલી રહ્યું છે તેની સાથે તેનું સીધું કનેક્શન છે. હિમાલયની ગોદમાં આવેલ નેપાળ એક એવો દેશ છે જે એક સમયે તેના રાજાઓ અને તેમની શાહી પરંપરાઓથી ઓળખાતો હતો. પરંતુ આજે આ દેશ લોકતાંત્રિક પ્રજાસત્તાક તરીકે પોતાનો માર્ગ શોધી રહ્યો છે. જોકે આ સફર આસાન રહી નથી. ૨૪૦ વર્ષ જૂની રાજાશાહીનો અંત, શાહી પરિવારના નરસંહાર અને ત્યાર બાદ લોકશાહીના માર્ગમાં આવતા પડકારોને ધ્યાનમાં લેતા એવું લાગે છે કે નેપાળનો ઈતિહાસ કોઈ ક્રાઈમ થ્રિલરથી ઓછો નથી. નેપાળનો ઈતિહાસ એક સમૃદ્ધ અને જટિલ છે, જેમાં વિવિધ શાસકો અને ઘટનાઓએ યોગદાન આપ્યું છે. નેપાળનું ૧૮મી સદીમાં પૃથ્વી નારાયણ શાહ દ્વારા એકીકરણ કરવામાં આવ્યું હતું, જેમણે ૧૭૬૮માં કાઠમંડુ પર વિજય મેળવ્યો હતો અને શાહ વંશનો પાયો નાખ્યો હતો. તેમણે વિવિધ રજવાડાઓને એક કરીને એકીકૃત નેપાળની સ્થાપના કરી હતી. પૃથ્વી નારાયણ શાહના શાસનકાળ દરમિયાન, તેમને ગુરુ ગોરખનાથ તરફથી શ્રાપ મળ્યો હતો, જેમાં જણાવાયું હતું કે તેમના વંશનું શાસન માત્ર દસ પેઢી સુધી જ ચાલશે, જે તેમના પગના અંગૂઠાની સંખ્યા જેટલી હતી. આ શ્રાપ તેના શાસનના અંતનો સંકેત માનવામાં આવે છે. નેપાળમાં રાજાશાહીનો અંત ૨૮ મે ૨૦૦૮ના રોજ થયો હતો, જ્યારે બંધારણીય સુધારા હેઠળ રાજાશાહીને નાબૂદ કરવામાં આવી હતી. જ્ઞાનેન્દ્ર વીર વિક્રમ શાહ છેલ્લા રાજા હતા. ૨૦૦૧ માં, નેપાળના ક્રાઉન પ્રિન્સ દીપેન્દ્રએ તેમના પરિવારના સભ્યોની હત્યા કરી હતી, જેના કારણે નેપાળના રાજવી પરિવારમાં મોટી કટોકટી સર્જાઈ હતી. આ ઘટનાએ દેશના રાજકારણને પણ પ્રભાવિત કર્યું હતું. ૧૯૫૦ માં, નેપાળમાં લોકશાહીની માંગ થઈ, જેના પરિણામે ત્રિભુવન શાહને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો. જો કે, તેમના મૃત્યુ પછી, મહેન્દ્ર શાહે સત્તા સંભાળી અને ૧૯૬૦માં પંચાયત વ્યવસ્થા લાગુ કરી. નેપાળનો ઈતિહાસ શાહ વંશ સાથે ઊંડો સંબંધ ધરાવે છે. ૧૭૬૮ માં, ગોરખા રાજા પૃથ્વી નારાયણ શાહે નાના રાજ્યોને એક કરીને આધુનિક નેપાળનો પાયો નાખ્યો હતો. ઈતિહાસ જણાવે છે કે ગોરખા સામ્રાજ્યના છેલ્લા રાજા અને નેપાળ સામ્રાજ્યના પ્રથમ રાજા પૃથ્વી નારાયણ શાહે ૧૭૬૯માં કાઠમંડુ, પાટણ અને ભડગાંવના ત્રણ મલ્લ સામ્રાજ્યોને જીતીને નેપાળનું એકીકરણ કર્યું હતું. શાહ વંશ પ્રાચીન ભારતના રાજપૂતોના વંશજો હોવાનો દાવો કરે છે. આ રાજવંશ આગામી અઢીસો વર્ષ સુધી નેપાળ પર શાસન કરતો રહ્યો. ૧૯મી સદીમાં રાણા વંશનો ઉદય થયો, જેણે શાહ રાજાઓને નજીવા શાસકો બનાવ્યા અને વાસ્તવિક સત્તા તેમના હાથમાં લીધી. રાણાઓએ બ્રિટિશ સરકાર સાથે મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા હતા, પરંતુ ૧૯૫૧માં જન આંદોલન પછી, રાજા ત્રિભુવને રાણા શાસનને ઉથલાવી દીધું હતું અને શાહ વંશ સત્તા પર પુનઃસ્થાપિત થયો હતો. આ એ સમય હતો જ્યારે નેપાળમાં લોકશાહીનો પાયો નાખવામાં આવી રહ્યો હતો, પરંતુ રાજાશાહી હજુ પણ મજબૂત હતી. નેપાળમાં ૧૯૫૯માં પ્રથમ વખત સંસદીય ચૂંટણીઓ યોજાઈ હતી, પરંતુ ૧૯૬૦માં તત્કાલીન રાજા મહેન્દ્રએ લોકતાંત્રિક સરકારને વિખેરી નાખી હતી અને 'પંચાયતી' શાસન પ્રણાલી લાદી હતી. ૧૯૯૦ માં, નેપાળમાં એક જન આંદોલન થયું, જેણે બહુ-પક્ષીય લોકશાહી પુનઃસ્થાપિત કરી, પરંતુ રાજાશાહી અકબંધ રહી.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**નમસ્કાર મિત્રો,**

ગયા સપ્તાહે આપણે લ.સા.અ.(લઘુત્તમ સામાન્ય અવયવી) વિશે શીખ્યા. આજે આપણે ગુ.સા.અ.(ગુરૂત્તમ સામાન્ય અવયવ) વિશે શીખીશું. તેમજ લ.સા.અ.-ગુ.સા.અ. અને આપેલી સંખ્યાઓ વચ્ચેનો સંબંધ જોઈશું.

● **ગુ.સા.અ.(ગુરૂત્તમ સામાન્ય અવયવ)**

એવી સૌથી મોટામાં મોટી સંખ્યા કે જેના વડે આપેલી બધી જ સંખ્યાઓને નિઃશેષ ભાગી શકાય. આ સંખ્યાને આપેલી સંખ્યાનો ગુ.સા.અ.(ગુરૂત્તમ સામાન્ય અવયવ) કહે છે. અંગ્રેજીમાં તેને **Greatest common Factor** ટૂંકમાં **GCF** કહે છે.

આપેલી સંખ્યાઓનો ગુ.સા.અ. કેવી રીતે મેળવી શકાય તે ઉદાહરણ દ્વારા જોઈએ.

ઉદાહરણ : 6, 12 અને 18 નો ગુ.સા.અ. શોધો

સૌ પ્રથમ ત્રણે સંખ્યાઓના અવયવ મેળવીશું.

6 ના અવયવ = 1, 2, 3, 6

12 નાં અવયવ = 1, 2, 3, 4, 6, 12

18 ના અવયવ = 1, 2, 3, 6, 9, 18

ત્રણેય સંખ્યાઓના અવયવો પૈકી ત્રણેયમાં સામાન્ય અવયવ 1, 2, 3 અને 6 છે. જેમાં મોટામાં મોટો અવયવ 6 છે.

તેથી ગુ.સા.અ. = 6

ગુ.સા.અ.ની વ્યાખ્યા પરથી નીચેના મુદ્દાઓ સ્પષ્ટ છે.

→ આપેલી સંખ્યાઓનો ગુ.સા.અ. એ કયારેય પણ આપેલી સંખ્યાઓ કરતા મોટી સંખ્યા ન હોય.

→ અવિભાજ્ય સંખ્યાઓનો ગુ.સા.અ. હંમેશા 1 જ છે.

દા.ત. 5 અને 7 નો ગુ.સા.અ. 1 છે.

→ જો બે સંખ્યાઓ એકબીજા પ્રત્યે(પરસ્પર) વિભાજ્ય ન હોય, તો તેમનો ગુ.સા.અ. 1 છે.

દા.ત. 11 અને 12 નો ગુ.સા.અ. 1 છે.

**લ.સા.અ. અને ગુ.સા.અ. વચ્ચેનો સંબંધ**

જો X અને Y બે ભિન્ન સંખ્યાઓ હોય તો તેમનો લ.સા.અ. અને ગુ.સા.અ. સાથેનો સંબંધ નીચે પ્રમાણે છે.

લ.સા.અ. x ગુ.સા.અ. = (એક સંખ્યા X) x (બીજી સંખ્યા Y)

દા.ત. 18 અને 24 નો લ.સા.અ. અને ગુ.સા.અ. મેળવી પરીણામ ચકાસીએ.

18 અને 24 નો લ.સા.અ. = 72

તથા ગુ.સા.અ. = 6

હવે, લ.સા.અ. x ગુ.સા.અ. = 72 x 6 = 432

બંને સંખ્યાઓનો ગુણાકાર = 18 x 24 = 432

અહીં સ્પષ્ટ છે કે,


| લ.સા.અ. x ગુ.સા.અ. = એક સંખ્યા x બીજી સંખ્યા |
|---|

હવે, ઉપરના સૂત્રનું એક ઉદાહરણ જોઈએ.

ઉદાહરણ : બે સંખ્યાઓનો લ.સા.અ. 48 અને તેમનો ગુણાકાર 384 છે. તો ગુ.સા.અ. શોધો.

ઉકેલ : આપણે જાણીએ છીએ કે,

લ.સા.અ. x ગુ.સા.અ. = બંને સંખ્યાઓનો ગુણાકાર




LCM x HCF = X + Y

તેથી 48 x HCF = 384

તેથી HCF (ગુ.સા.અ.) = 384/48 = 8

## કારકિર્દી માર્ગદર્શન
## - અમરેલી ગણિત વર્તુળ
## સૂર્યકાંત પાઠક
## મો.નં.૯૪૨૭૫૦૫૧૦૭

● **ઘાત સ્વરૂપે આપેલી સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ.**

જયારે આપેલી સંખ્યાઓ ઘાત સ્વરૂપમાં હોય તથા દરેકનો આધાર સરખો હોય ત્યારે સૌથી મોટી ઘાતવાળી સંખ્યા એ આપેલી સંખ્યાઓનો લ.સા.અ. છે તથા સૌથી નાની ઘાતવાળી સંખ્યા આપેલી સંખ્યાઓનો ગુ.સા.અ. છે

ઉદાહરણ : $7^3$, $7^5$, $7^6$, $7^{11}$ નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

ઉકેલ : અહીં આપેલી બધી જ સંખ્યાઓનો આધાર 7 સમાન છે. તથા સૌથી મોટી ઘાતવાળી સંખ્યા $7^{11}$ છે. તેમજ સૌથી નાની ઘાતવાળી સંખ્યા $7^3$ છે.

તેથી લ.સા.અ. = $7^{11}$

અને ગુ.સા.અ. = $7^3$

● **અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ.**

જો આપેલી સંખ્યાઓ સાદા અપૂર્ણાંક (a/b) સ્વરૂપમાં હોય, તો તે સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ. નીચેના સૂત્રો દ્વારા મેળવી શકાય.

| અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. = અંશની સંખ્યાઓનો લ.સા.અ. / છેદની સંખ્યાઓનો ગુ.સા.અ. |
|---|

| અપૂર્ણાંક સંખ્યાઓનો ગુ.સા.અ. = અંશની સંખ્યાઓનો ગુ.સા.અ. / છેદની સંખ્યાઓનો લ..સા.અ. |
|---|

ઉદાહરણ : 2/5, 5/6 અને 7/12 નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો

ઉકેલ : સૌ પ્રથમ અંશની અને છેદની સંખ્યાઓનાં લ.સા.અ. અને ગુ.સા.અ. મેળવીએ.

અંશની સંખ્યાઓ 2, 5, 7 નો લ.સા.અ. = 70

તથા ગુ.સા.અ. = 1

છેદની સંખ્યાઓ 5, 6, 12 નો લ.સા.અ. = 60

તથા ગુ.સા.અ. = 1

હવે, આપેલી અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. = (2,5,7 નો લ.સા.અ.) / (5,6,12નો ગુ.સા.અ.)

=70/1=70

આપેલી અપૂર્ણાંક સંખ્યાઓનો ગુ.સા.અ. = (2,5,7 નો ગુ.સા.અ.) / (5,6,12 નો લ.સા.અ.)

= 1/60

● **દશાંશ અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ.**

જો આપેલી સંખ્યાઓ દશાંશ અપૂર્ણાંકનાં સ્વરૂપમાં હોય, તો તેનો લ.સા.અ. અને ગુ.સા.અ. કેવી રીતે મેળવી શકાય તે ઉદાહરણ દ્વારા જોઈએ.

ઉદાહરણ : 0.4, 1.6, 0.64 અને 0.032 નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

રીત-૧ : સૌ પ્રથમ આપેલી દશાંશ અપૂર્ણાંક સંખ્યાઓને સાદા અપૂર્ણાંક a/b ના અતિસંક્ષિપ્ત રૂપમાં ફેરવો. ત્યારબાદ આપણે આગળ જોયું તે પ્રમાણે અપૂર્ણાંક સંખ્યાઓના લ.સા.અ. અને ગુ.સા.અ. શોધવા માટેના સૂત્રનો ઉપયોગ કરી લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

0.4 = 4/10 = 2/5 ; 1.6 = 16/10 = 8/5

0.64 = 64/100 = 16/25 ; 0.032=32/1000 = 4/125

હવે, અંશની સંખ્યાઓ 2,8,16,4 નો લ.સા.અ. = 16 તથા ગુ.સા.અ. = 2

છેદની સંખ્યાઓ 5,5,25,125 નો લ.સા.અ. = 125

અને ગુ.સા.અ. = 5

0.4, 1.6, 0.64, 0.032 નો લ.સા.અ.

= 2/5, 8/5, 16/25, 4/125 નો લ.સા.અ.

= (2, 8, 16, 4 નો લ.સા.અ.) / (5, 5, 25, 125 નો ગુ.સા.અ.)

= 16/5 = 16/5x2/2 = 32/10 = 3.2

0.4, 1.6, 0.64, 0.032 નો ગુ.સા.અ.

= 2/5, 8/5, 16/25, 4/125 નો ગુ.સા.અ.

= (2, 8, 16, 4 નો ગુ.સા.અ.) / (5, 5, 25, 125 નો લ.સા.અ.)

= 2/125 = 2/125x8/8 = 16/1000 = 0.016

# સોના-ચાંદીમાં તેજી : સોનું રૂ.૯૯૫ મોંઘું, ચાંદી ૩,૨૭૨ રૂપિયા વધી

નવી દિલ્હી, તા.૩૦

આ અઠવાડિયે સોના અને ચાંદીના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ અનુસાર, ગયા શનિવારે એટલે કે ૨૨ માર્ચે સોનાનો ભાવ ૮૮,૧૬૯ રૂપિયા હતો, જે હવે ૨૯ માર્ચે ૮૯,૧૬૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમતમાં ૯૯૫ રૂપિયાનો વધારો થયો છે. જો આપણે ચાંદીની વાત કરીએ, તો ગયા શનિવારે તે ૯૭,૬૨૦ રૂપિયા પર હતી, જે હવે ૧,૦૦,૮૯૨ રૂપિયા પ્રતિ કિલો પર પહોંચી ગઈ છે. આ રીતે, આ અઠવાડિયે તેની કિંમતમાં ૩,૨૭૨ રૂપિયાનો વધારો થયો છે. ૨૮ માર્ચે ચાંદીનો ભાવ ૧,૦૦,૯૩૪ રૂપિયા અને સોનાનો ભાવ ૮૯,૩૦૬ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો. આ વર્ષે, ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૬,૧૬૨ રૂપિયાથી ૧૩,૦૦૨ રૂપિયા વધીને ૮૯,૧૬૪ રૂપિયા થયો છે. તેમજ, ચાંદીનો ભાવ પણ ૧૪,૮૭૫ રૂપિયા વધીને ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલોગ્રામથી ૧,૦૦,૮૯૨ રૂપિયા થયો છે.

# ૧ મેથી ATM માંથી પૈસા ઉપાડવા મોંઘા થશે: RBIએ વિડ્રોલ ફીમાં ૨ રૂપિયાનો વધારો કર્યો

નવી દિલ્હી, તા.૩૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ શુક્રવારે ATM ઉપાડ ફીમાં વધારો કરવાની જાહેરાત કરી છે. નોટિફિકેશન અનુસાર, ૧ મેથી, જો ગ્રાહકો માસિક ફ્રી ટ્રાન્ઝેક્શન મર્યાદા કરતાં વધુ ટ્રાન્ઝેક્શન કરે છે, તો તેમને દરેક ટ્રાન્ઝેક્શન માટે વધારાના ૨ રૂપિયા ચૂકવવા પડશે. હાલમાં, બેંકો મફત ટ્રાન્ઝેક્શન મર્યાદા ઓળંગવા પર ૨૧ રૂપિયા વસૂલ કરે છે. હવે તેઓ ૨૩ રૂપિયા લેશે. આ પહેલા RBIએ ATM ઈન્ટરચેન્જ ફીમાં વધારો કરવાની પણ જાહેરાત કરી હતી. RBI એ ઈન્ટરચેન્જ ફીમાં પણ ૨ રૂપિયાનો વધારો કર્યો છે. આનો અર્થ એ થયો કે હવે દરેક ટ્રાન્ઝેક્શન પર ૧૯ રૂપિયાનો ઈન્ટરચેન્જ ચાર્જ ચૂકવવો પડશે, જે પહેલા ૧૭ રૂપિયા હતો. તે જ સમયે, બેલેન્સ પૂછપરછ જેવા બિન-નાણાકીય વ્યવહારો માટેની ફીમાં ૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગ્રાહકોને વિવિધ બેંકોના ATM પર દર મહિને મર્યાદિત સંખ્યામાં મફત વ્યવહારોની મંજૂરી છે. મેટ્રો શહેરોમાં, ગ્રાહકોને ૫ ટ્રાન્ઝેક્શન કરવાની છૂટ છે, જ્યારે નોન-મેટ્રો શહેરોમાં, ૩ ટ્રાન્ઝેક્શનની મંજૂરી છે. જો મફત ટ્રાન્ઝેક્શનની સંખ્યા વધી જાય, તો ગ્રાહકોએ વધારાના શુલ્ક ચૂકવવા પડશે.

# રોજગારીની શોધમાં રડતા લોકો માટે નિવૃત્તિની વયે પ્રવૃત્ત મહિલાનો ઐતિહાસિક કિસ્સો





માણસનાં મગજમાં ફોરચ્યુનર, હેલિકોપ્ટર, પ્લેનમાં ફરતા ઉદ્યોગપતિઓની જાહોજલાલી જ નજરમાં આવતી હોય છે. પરંતુ કેટલાય એવા સફળ વ્યક્તિઓ હોય છે જે પોતાની સફળતાઓની યશ-ગાથા સિન-સપાટામાં નહિ શાંતિ અને સંસ્કારથી શોભાવતા હોય છે. જીવનમાં કયારેય પણ મહેનત, પરિશ્રમ અને પરસેવો પાડ્યા સિવાય સફળતા નથી મળતી. યોગ્ય કામ, યોગ્ય પરિસ્થિતિ, યોગ્ય મહેનત અને નિર્ણય જ સફળતા અપાવતા હોય છે. ટૂંકા રસ્તે મેળવેલ સફળતાનો રાયનો પર્વત વિખાતા વાર નથી લાગતી જયારે અડગ મનથી મેળવેલ સફળતાનું સિંહાસન કોઈના બાપથી પણ તોડી નથી શકાતું. સમાજ જીવનમાં આપણે બધા ધનાઢ્ય લોકો પાસેથી સાંભળતા હોઈએ છીએ કે હવે તો ઉંમર ૫૫ થી ૬૦ થવા આવી હવે નિવૃત્તિ લેવી છે. આરામ કરવો છે. પરંતુ હિન્દુસ્તાનના ગામડાઓમાં રહેતા ખેડૂતો અને ખેતમજૂરો જયારે સિમેન્ટ કોંક્રિટનાં મહાકાય જંગલોમાં રહેતા મધ્યમ વર્ગના લોકોને નિવૃત્તિનો વિચાર જ નથી આવતો કારણ કે નિવૃત્તિ પછી પછેડીના ચાર છેડા ભેગા થવા જોઈએ ને.

આજે આપ સહુ વાંચકો સમક્ષ એવો એક કિસ્સો મુકવો છે. જો તમારી પાસે વિચારવાનો સમય હોય તો આ કિસ્સા સાથે વિચારજો અને તમારા બાળપણનાં પ્રસંગો અથવા ભૂતકાળ યાદ કરવાનો પ્રયત્ન કરજો ખરા અર્થમાં મનને સુકુન મળશે. લગભગ ૭૦ વર્ષની ઉંમરે પહોંચેલા રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના લાલાવદર ગામના લીલાબેન છગનભાઈ લખતરીયાની વાત છે. પ્રજાપતિ સમાજમાંથી આવતા લીલાબેને હંમેશા ગરીબી જ જોઈ છે. જે માટલું ઠંડુ પાણી આપણને સહુને પાય છે એ માટલા બનાવવાનું કામ કરે. અક્ષરજ્ઞાન જરાય નહિ છતાંય પણ ગામની મહિલાઓ માટે લીલાબેન શિતળ છાયા




જેવું મોભાનું સ્થાન ધરાવે. ૧૦ વિઘા સૂકી ખેતી. ચોમાસા સિવાય ખેતરમાં ધૂળ ઉડે. પશુપાલનમાં ત્રણ ગાયો અને નાની વાછરડીઓ. ઘરનું ગુજરાન પશુપાલન ઉપર નભે. આ પંથકમાં પર્યાવરણ અને મહિલા સશક્તિકરણ માટે કામ કરતી સંસ્થાએ અનેક બહેનોને પગભર થવા તાલીમ આપી છે. સરકારના અધિકારીઓએ પગાર લઈને પણ સારૂં કામ નથી કર્યું એના કરતા ખેતી માટે, ગામડાઓ માટે સારૂં કામ કરવાનો સાચા અર્થમાં યશ આપવો હોય તો આઈ.આઈ.એમ.ના પ્રોફેસર અનિલ ગુપ્તાને આપવો રહ્યો. આજથી ૨૦ વર્ષ પહેલા સૃષ્ટિ સંસ્થા દ્વારા કૃષિ શિબિરો, મેળાઓનું આયોજન કરવામાં આવતું હતું. જેમાં લીલાબેન પાંચ બહેનો સાથે ગાયનું દૂધ લઈને પહોંચી જતા. જયાં જઈને દૂધને મેળવણ કરે. દહિં બનાવે. દેશી છાશ ફેરવવાની રવાઈથી કૃષિ શિબિર અને કૃષિ મેળામાં આવતા લોકોને છાશ બનતી, માખણ બનતું બતાવે અને વેંચાણ કરે. લોકો નેચરલ છાશ પિવે અને શુધ્ધ માખણની ખરીદી કરે. ભાવ પણ સારા મળે. ૭૦ વર્ષની વયે પહોંચેલા લીલાબા સાથે વાત કરતા મેં પૂછયું, “બા થાક નથી લાગતો? નિવૃત્ત થઈ પ્રભુ ભજન નથી કરવુ?” મને જવાબ આપ્યો, “નિવૃત્ત થઈ રોટલા તોડવા છે? પરભુ ભજન છાશ વલોવતા-વલોવતા પણ થાય છે. જયાં સુધી કાયા હાલે-સાલે ત્યાં સુધી મહેનત કરવી જોઈએ.”

તાજેતરમાં એક કૃષિમેળામાં પાંચ બહેનો સાથે ૭૦૦ લીટર ગાયનું દૂધ રૂા.૮૦નાં ભાવથી લઈને આવ્યા. જેમાંથી રવાઈથી લાઈવ છાશ બનાવી, એક ગ્લાસના રૂા.૧૦ લેખે વેચાણ કર્યું અને દોઢ લાખની છાશ વેચી. કોઈ પાસે છુટ્ટા પૈસા ન હોય તો મોજથી અમૃતસમી છાશ વિનામૂલ્યે પણ આપે. જયારે ૮૦ કિલો માખણ રૂા.૧૫૦૦ના ભાવથી વેચાણ કર્યું. આમ ચાર દિવસમાં પોણાત્રણ લાખનું વેચાણ થયું. આમ છતાં આવા મહિલા સાહસિકો તંત્રના ધ્યાન ઉપર આવતા નથી એ કમનસીબી છે. કૃષિમેળાઓ કે, મિલેટમેળાઓમાં શું આવા સાહસિકોને સ્થાન ન આપી શકાય ? કદાચ કોઈને એમ થાય કે માવડી લીલાબેનને અભિનંદન આપવા છે તો ફોન નં.૯૯૭૮૫ ૪૪૨૮૯ છે.

**-:: તિખારો ::-**

**ભરોસો કરીને ભલે વેતરાઈ ગયા, વિશ્વાસમાં ઠોકરો ખાધી હવે અનુભવી થઈ ગયા, ચાલાકીથી ભલે મેળવો સફળતાઓ હવે તો સંબંધો પણ કડવા થઈ ગયા.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોનઃ ૯૨૭૫૭ ૦૮૩૪૨

### ઉનાળું મગફળી

મગફળીના પાનના ટપકાના નિયંત્રણ માટે ક્લોરોથેલોનીલ ૨૬ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાંખી બે કે ત્રણ છંટકાવ કરવા.

દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત – હવામાન વિસ્તારમાં ઉનાળુ મગફળીનું વાવેતર કરતા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે મગફળીના પાકને રેલાવીને કુલ ૧૨ પિયત આપવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જેમાં પ્રથમ પિયત વાવેતર સમયે, બીજું વાવેતર બાદ ૮ દિવસે, ત્રીજું અને ચોથું ૧૨ દિવસના અંતરે અને બાકી આઠ પિયત ૮-૧૦ દિવસના અંતરે આપવા. ખાસ કરીને ફુલ આવવા અને સુયા બેસવા અને ડોડવાનો વિકાસ થવો આ અવસ્થાએ અવશ્ય પિયત આપવું.

### મગ (ઉનાળું)

ઉનાળું મગને કુલ ૭ પિયત આપવાથી વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે. બે પિયત વાવેતર બાદ ૧૫ દિવસનાં ગાળામાં અને ત્યાર બાદના પિયત ૭-૮ દિવસનાં અંતરે આપવા.

### ઉનાળું તલ વાવેતરના ફાયદા



૧) ચોમાસુ તલ કરતા ઉનાળું તલનું ઉત્પાદન આશરે બે ગણું વધુ મળે છે.

૨) નિયમિત પિયત પાણી મળવાથી પાકની વૃદ્ધિ અને વિકાસ સારો થાય છે.

૩) ઉનાળું તલમાં રોગ / જીવાત ઓછા પ્રમાણમાં આવે છે.

૪) ઉનાળું તલમાં દાણાં એક સરખા અને ભરાવદાર થવાથી ગુણવત્તા સારી મળે છે.

### ઉનાળું બાજરી

**તલછારોઃ**

- બાજરીના પાકમાં ધરૂ અવસ્થાએ જો આ રોગનો ઉપદ્રવ થાય તો છોડની ફૂટ વધે છે જેનાથી છોડ સાવરણી જેવો દેખાય છે. રોગનો ઉપદ્રવ જો ડુંડા અવસ્થાએ થાય તો આખા ડૂંડામાં અથવા અડધા ભાગમાં દાણા બેસતા નથી અને દાણાની જગ્યાએ ગોળ વાંકડીયા વાળ જેવી લીલી ફૂટ જોવા મળે છે. તેના નિયંત્રણ માટે ડીનોકેપ ૪૮ ઇસી. ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાખી છાંટકાવ કરવો
- લીલી ઈયળના નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસ, ક્વીનાલફોસ કે ઇન્ડોક્સાકાર્બનો છંટકાવ કરવો.
- બાજરાનો પાક જયારે ૧૫ થી ૨૦ દિવસનો થાય ત્યારે હાથથી નિંદણ અને સાથોસાથ ચાસમાં બે છોડ વચ્ચે ૧૦ થી ૧૨ સે.મી. અંતર જળવાઈ રહે તે રીતે છોડની પારવણી કરવી. પારવણી દરમ્યાન વધારાના નબળા, રોગવાળા અને જીવાત લાગેલ છોડ ઉપાડીને દૂર કરવા, બાજરાના પાકમાં નિંદામણના નિયંત્રણ માટે અને જમીનની ભૌતિક પરિસ્થિતિ સારી રહે તે માટે સમયસર આંતરખેડ કરવી ખાસ જરૂરી હોય છે. પાક ઊગ્યા બાદ દશેક દિવસથી પાક નિંઘલમાં આવે ત્યાં સુધીમાં જરૂર મુજબ ૨-૩ આંતરખેડ કરવી. જરૂર જણાય તો ફરી નિંદામણ કરી પાકને ૪૫ દિવસ સુધી નિંદામણ રહિત રાખવાથી બાજરા પાકનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જયાં મજૂરોની અછત હોય ત્યાં નિંદણનાશક દવા એટ્રાજીન ૦.૫૦૦ કિલોગ્રામ સક્રિય તત્વ પ્રતિ હેકટર મુજબ પ્રી-ઈમરજન્સ તરીકે ૫૦૦ લિટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે. તેના માટે ૧૦ લિટર પાણીમાં ૪૦ ગ્રામ દવા નાખી છંટકાવ કરવો.

### મકાઈઃ તલછારોઃ

- મકાઈના પાકમાં આ રોગની શરૂઆતમાં નીચેના પાન પરની નસો સાંકડી, પીળાશ પડતા બદામી રંગની અને પાનને સમાંતર પટ્ટીઓના રૂપમાં જોવા મળે છે જે સમય જતાં ભૂખરા કે લીલાશ પડતા રંગની થઈ જાય છે. તેના નિયંત્રણ માટે ડીનોકેપ ૪૮ ઇસી. ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

### ડુંગળી

- ડુંગળીના બીજ ઉત્પાદન માટેનાં લોથાની કાપણી ૧૦૦% લોથામાં કાળા ડુંગળીના બીજ દેખાય ત્યારે કરવી.
- પરિપક્વ બીજના લોથા વાઢી બાકીના લોથા જેમ જેમ પરિપક્વ થાય તેમ તેમ વાઢતાં રહેવું.

### શેરડી

- સ્કેલ જીવાતનું પ્રમાણ અંકુશમાં રાખવા માટે પાક ૬ માસનો થાય ત્યારે એક માસના અંતરે બે થી ત્રણ વખત સૂકી પતરી કાઢી નાખી સાંઠા ખુલ્લા રાખવા.

### શેરડીમાં જૈવિક નિયંત્રણ

- વેધકોના ઈંડાના પરજીવી ટ્રાયકોગામા ચીલોનીસ તથા ટ્રાયકોગામા જેપીનીકમની ભમરીવાળા ૨ કાર્ડ (૪૦,૦૦૦ ઈંડા) દર પંદર દિવસે ૬ થી સાત વખત પ્રતિ હેકટર સવાર તથા સાંજના સમયે ખેતરમાં છોડવા.
- એપીરીકેનીયા મેલાનોલ્યુકાનાં ૧૦૦૦૦૦ ઈંડા અથવા ૨૦૦૦ કોશેટા પ્રતિ હેકટર છોડવાથી પાયરીલાનું ૧૦૦ ટકા નિયંત્રણ કરી શકાય.
- સફેદ માખીના બચ્ચાં / કોશેટાના પરજીવી એન્કાર્સીયા ઈસાકી, એન્કાર્સિયા મેન્કોપ્ટેરાની વૃદ્ધિ કરવા ૪૦ મેશની જાળી લગાડેલા પાંજરાની સંખ્યા ૧૦ થી ૧૨ પ્રતિ હેકટર રાખવી અને પાંજરામાં ૧૫ થી ૨૦ દિવસે કોશેટાવાળા પાન બદલતા રહેવું.
- સફેદ માખીના ઈંડા તેમજ બચ્ચાંને ખાનારા દાળીયા કિટકો જેવા કે સેરેન્જીયમ પારસેસીટોઝમ, મેનોચીલસ સેક્સમેક્યુલેટસ, બ્રુમોઈડસ સુચુરાલીસપરભક્ષી કરોળીયા તથા કેટલીકવાર ક્રાયસોપા પણ જોવા મળે છે. ત્યારે દવાનો છંટકાવ મુલ્તવી રાખવો જોઈએ.
- શેરડીની ભીંગડાવાળી જીવાત પર નભતા પરભક્ષી દાળીયા કિટકો જેવા કે કાયલોકોરસ નીગ્રીરસ, ફેરોસીમ્ન્સ હોર્ની અસરકારક જોવા મળે છે.
- ડાયફા એફીડીવોરા, માઈક્રોમોસ ઈગોરોટસ તથા સીરફીડ ફ્લાય જેવા પરભક્ષી શેરડીની વ્હાઈટ વુલી એફીડ ઉપર ખુબ જ અસરકારક માલુમ પડેલ છે.

### ઉનાળું કઠોળ

- મગ, અડદ તથા ચોળીના વાવેતર કરેલ પાકમાં ચુસીયા પ્રકારની જીવાત જણાય તો તેમજ મોજેક વાયરસનો રોગ જણાય તો મગફળી પાકમાં જણાવ્યા મુજબ શોષક પ્રકારની કોઇપણ એક દવા જરૂર મુજબ છાંટવી.










- કઠોળ પાકમાં ભૂકીછારાનાં નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં નાખી ૧૫ દિવસનાં અંતરે બે છંટકાવ કરવા.
- કઠોળ પાકોમાં કાલવ્રણ રોગના લક્ષણો પાન તેમજ શિંગો પર જોવા મળે છે. પાન તેમજ શિંગો પર રતાશ પડતા ઘેરા રંગના ગોળ ટપકાં પડે છે. રોગની તિવ્રતા વધતા તે ઘાટા કથ્થાઇ રંગમાં પરિવર્તન પામે છે. આવા અસંખ્ય ટપકાં એકબીજા સાથે ભેગા થતા ધીમે ધીમે તે બીજને પણ નુકસાન કરે છે. તેના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ મેન્કોઝેબનો છંટકાવ કરવાથી કાલવ્રણ રોગનું નિયંત્રણ થાય છે

### શાકભાજી : તલછારોઃ

- વેલાવાળા શાકભાજીનાં પાકોમાં તળછારા રોગને લીધે છોડની વૃદ્ધિ અટકી જાય છે. છોડમાં અંકુર ઓછા બેસે અને તે કદમાં નાના રહે છે. ગુવાર, વાલ, વટાણામાં વિકાસ બરાબર થતો નથી. તેના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫% વે. પા. ૨૭ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૭૫% વે. પા. ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છાંટકાવ કરવો.

### બીડી તમાકુ :

- વાવેતર બાદ ૧૬૦ થી ૧૮૦ દિવસે પાકી જાય છે. તેની કાપણી ત્રણ રીતે થાય છે.
- ૧) છૂટક પાન પાડીને : સારા બુટ્ટા વાળા પાકા પાન તોડી જમીન પર ૩ થી ૪ દિવસ ઉંધા સૂકવવા.
- ૨) ઘુઘરો પદ્ધતિ : પાકટ પાન છોડ પરથી સોરીને.
- ૩) આખા છોડને કાપીને : પાકટ છોડને થડમાંથી દાતરડાથી કાપીને
- પીલા દર અઠવાડિયે કાઢતા રહેવા.



### બાગાયતી પાકોઃ

**અવરોહ મૃત્યુઃ**

- આંબો અને લીંબુ જેવા ફળપાકોમાં આ રોગ પાકની કોઈપણ અવસ્થાએ જોવા મળે છે. અવરોહ મૃત્યુના રોગમાં આંબાના જૂના ઝાડની નાની ડાળીઓ ઉપરથી નીચેની તરફ સુકાતી જોવા મળે છે. રોગીસ્ટ ડાળીના તમામ પાન ખરી પડે છે. ઝાડ ઝાળથી દાજી ગયુ હોય તેવું દેખાય છે. નવી ડાળીઓમાં ઊભી તિરાડ જોવા મળે છે. તેમાંથી ગુંદર જેવો પદાર્થ બહાર નીકળી આવીને સુકાઈ જાય છે. લીંબુના ૫ થી ૬ વિકના ઝાડમાં ટોચની કુમળી ડાળીઓ પ્રથમ સુકાવા લાગે છે જે ધીમે ધીમે નીચે તરફ પ્રસરે છે. સમય જતાં આખી ડાળી સંપૂર્ણ પણે સુકાઈ જાય છે. અવરોહ મૃત્યુ રોગનો ફેલાવો અટકાવવા માટે આંબાની કલમ બનાવવા માટે રોગમુક્ત ડાળીઓની પસંદગી કરવી. આંબા, લીંબુ અને ગુલાબની રોગીષ્ટ ડાળીઓની છાંટણી (પ્રુશનાંગ) કર્યા બાદ કાપેલ ભાગ પર બોર્ડોપેસ્ટ અથવા કોપર ઓક્ઝીક્લોરાઈડમાંથી બનાવેલ પેસ્ટ લગાવવી. ડાળીઓ કાપ્યા બાદ બોર્ડો મિશ્રણ (૧%) અથવા કોપર ઓક્ઝીક્લોરાઈડ ૫૦% વે.પા. (૩૦ ગ્રામ / ૧૦ લિટર પાણી)નો છાંટકાવ કરવો.



### કેળ :

- તૈયાર લુમને ગરમી ન લાગે તે માટે પાનથી ઢાંકવી.
- કૃમિ નિયંત્રણ માટે ૨૦ થી ૨૫ ગ્રામ કાર્બોફ્યુરાન રોપણી વખતે અને રોપણી બાદ ૪ માસે આપવું.

### જામફળઃ

- બહારની માવજત : જૂન માસમાં મૃગબહારની માવજત લેવા માટે ફળો ઉતાર્યા બાદ ફેબ્રુઆરીથી મે માસ સુધી પાણી બંધ કરી આરામ આપવો. ત્યારબાદ ગોડ કરી ભલામણ પ્રમાણે ખાતરો આપવા.

**પપૈયાઃ** ચાલુ વાવેતરમાં જરૂરીયાત મુજબ ૪ થી ૫ દિવસે ડબલરીંગ કરી પાણી આપવું.

# અગોચર જગતના સનાતન સત્યો : ઉકેલવા અટપટા છે, સમજવા અઘરા છે અને સ્વીકારવા સહેલા નથી






મનન ચિંતન
ભરત બાવીશી

સમય ખૂબ પરિવર્તનશીલ છે. જેમ ખગોળીય રીતે જોઈએ તો પૃથ્વી પોતાની ધરી ઉપર ચોવીસ કલાકમાં એક આંટો ફરી જાય છે જે આપણે નરી આંખે જોઈ શકતા નથી. એનો અર્થ એ નથી કે આ વાત ખોટી છે. આપણને દેખાતું નથી એ આપણી મર્યાદા છે પણ પરોક્ષ રીતે એના પરિણામ અને પ્રમાણ આપણે રાત દિવસની ઘટના સ્વરૂપે જોઈ શકીએ છીએ. બીજી વાત પણ એવી જ છે કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી ફરતી ૩૬૫ દિવસમાં એક પરિભ્રમણ પૂરું કરે છે એ પણ આપણે નારી આંખે જોઈ શકતા નથી. પણ ઋતુઓ, વર્ષ અને મહિનાઓની ગણતરી આ ગતિના પરિણામે જ અમલમાં આવી છે એ આપણે અનુભવી શકીએ છીએ. એનો અર્થ એ થયો કે આ જગતમાં જે દેખાતું નથી તેવા અદ્રશ્ય સત્યો પણ રહેલા છે. આપણે જે નથી જોઈ શકતા તેવા અઢળક રહસ્યો કે સત્ય જગતમાં મોજૂદ છે. હવે આનાથી ઉલટું વિચારીએ તો રેલવેના પાટાને તમે દૂર સુધી જોવો તો આગળ જતાં બન્ને પાટા ભેગા થતાં દેખાય છે પણ હકીકતમાં આગળ ચાલીને જુવો તો આપણને દેખાતું સત્ય હળાહળ જુઠ છે. જે દેખાતું હતું તે આપણો દ્રષ્ટિભ્રમ હતો એની આપણને ખાતરી થઈ જાય છે. આવુ જ બીજું ઉદાહરણ જોઈએ તો ખુલ્લા મેદાનમાં તમે દૂર દૂર નજર કરો તો ધરતી અને આકાશ આગળ જતાં ભેગા થયેલા જોવા મળશે, જેને આપણે ક્ષિતિજ કહીએ છીએ. પણ જેમ જેમ આગળ વધશો એમ એ દ્રશ્ય તમારી સાથે આગળ વધતું જશે અને કદાચ એ જોવા માટે તમે આખી જિંદગી ચાલ્યા કરો તોય તમને દેખાતું દ્રશ્ય વાસ્તવિક સ્વરૂપે ક્યાંય જોવા મળશે નહિ. એ પણ આપણો દ્રષ્ટિભ્રમ હતો એવું આપણને અનુભવે સમજાય છે. પૃથ્વી ગોળ છે એ હકીકત આપણે ધરતી પરથી જોઈ શકતા નથી પણ અંતરિક્ષમાંથી લીધેલી તસ્વીરો પરથી આપણે સ્વીકારવું પડે એ આપણી મર્યાદા છે. પરંતુ અંતરિક્ષમાં ગયેલા અવકાશયાત્રી પોતે પૃથ્વીને ગોળા સ્વરૂપે જોઈ શકે છે. ગ્રહો, નક્ષત્રો, તારા મંડળ, આકાશગંગા, નિહારિકા, સૂર્યમંડળ આ બધા બ્રહ્માંડના ઘટકોના કદ અને આપણાંથી એના અંતર આપણી સામાન્ય માપન શક્તિની બહારના છે અને એમાંથી માત્ર થોડા જ આપણે નરી આંખે નિહાળી શકીએ છીએ. એ સુક્ષ્મ સ્વરૂપે દેખાય છે. દેખાય છે એ વામન સ્વરૂપ છે જ્યારે એનું વાસ્તવિક વિરાટ સ્વરૂપ જોવામાં આપણો પનો ટૂંકો પડે છે. સદીઓથી આપણે ભૂગોળમાં ભણતા આવ્યા છીએ કે સૂર્યમંડળમાં કુલ નવ ગ્રહો છે જે આધુનિક ખગોળ વૈજ્ઞાનિકોના સંશોધન બાદ હાલમાં એક હકીકત એવી સ્વીકારવામાં આવી છે કે સૂર્યમંડળનો જે છેલ્લો ગ્રહ આપણે ગણતા હતા તે પ્લુટો નામનો ગ્રહ અસ્તિત્વમાં નથી. એટલે હવેનું ભૂગોળ નવને બદલે આઠ ગ્રહો ભણાવે છે. તો સવાલ એ ઊભો થાય કે અત્યાર સુધી જે જાણકારી હતી તે સત્ય હતી કે માન્યતા હતી. વળી કદાચ એ સાચું હતું તો એ ગ્રહ ક્યાં ગાયબ થઈ ગયો કે આપણને દેખાતો બંધ થઈ ગયો? બીજો એક ફેરફાર હમણાં ધ્યાને આવ્યો કે ગુજરાતના અને ભારતના દરિયા કિનારાના માપ અત્યાર સુધી આપણે જે જાણતા હતા તેના બદલે ઘણા બધા વધારે છે. તો પહેલા હતું એ સાચું હતું કે અનુમાન હતું અથવા તો ખરેખર એમાં વધારો થયો છે એ પણ સંશોધનનો વિષય છે. આ બધા ઉદાહરણો પરથી એક વાત ચોક્કસ કહી શકીએ કે આ જગતમાં જે દેખાય છે એ બધું જ સત્ય હોતું નથી અને જે હકીકતમાં સો ટકા સત્ય છે એ બધું આપણે જોઈ શકતા નથી. કુદરતે આપણને દ્રષ્ટિ આપી છે પણ એની અમુક મર્યાદા સાથે આપી છે. આ મર્યાદા આપણને શંકા ઉપજાવે છે અને આ શંકાનું સમાધાન મેળવવા માટે આપણને બુદ્ધિ નામની શક્તિ અને સમજણ પણ આપી છે. જો આ બુદ્ધિ અને સમજણનો ઉપયોગ જીવનમાં કરી શકીએ તો જ મન શાંત અને સ્થિર થાય છે. નહિતર ઉલજનો અને ઉપાધીઓમાં આમતેમ અટવાયા કરીએ છીએ. કેટલીક વસ્તુઓ સ્વીકારવાની હોય છે. એના માટે શ્રદ્ધા અને વિશ્વાસ જરૂરી છે. આદિકાળથી કલ્પનાઓના ઘોડાપૂર પર સવાર થઈને માણસ અગોચર જગતના કેટલાય સત્યોને પામવાની કોશિશ કરતો રહે છે. કેટલાકે તો આખે-આખા આયખા આ રહસ્યોને પામવા માટે ખર્ચી નાખ્યા છે. અને આ રીતે પેઢી દર પેઢી સંશોધનો થતાં રહ્યાં છે ત્યારે આ કુદરતી ઘટનાઓને માત્ર ને માત્ર સમજી શક્યા છે. એમાં લેશમાત્ર ફેરફાર કરવાની માણસની ઓકાત કે તાકાત નથી એ સૌએ સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. આપણે આપણી જાતને ગમે તેવા શક્તિશાળી કે બુધ્ધિશાળી માનતા હોઈએ તો પણ કુદરતી ઘટનાઓમાં એક વાળ જેટલો ફેરફાર કરી શકવાનું આપણું ગજું નથી. એને માનવજાતિની કુદરત સામેની મર્યાદા કહી શકાય. એમાંથી અનુભવે માણસ ઘણું શીખ્યો છે અને કેટલાય કુદરતી રહસ્યોને ઉકેલવાને બદલે માત્ર સમજી શક્યો છે. આ વાત ભૌતિક જગતની હતી.આવુ જ આધ્યાત્મિક જગતમાં છે. ઈશ્વર છે કે નહિ અને છે તો એનું સ્વરૂપ કેવું છે એની ચર્ચા ઘણા બુદ્ધિશાળીઓ કરતા હોય છે. એના જવાબમાં આપણા વેદ, પુરાણો અને શાસ્ત્રોના આધારે આપણે એના અસ્તિત્વ અને અવતારની વાતો અને કથાઓ સાંભળીને સંવાદ કરતા હોઈએ છીએ.ત્યારે એમાં માનનાર અને નહિ માનનારા બે વર્ગના નામ એટલે આસ્તિક અને નાસ્તિક અસ્તિત્વમાં છે. તેમ છતાં એક એવી અદ્રશ્ય શક્તિ ચોક્કસ કામ કરે છે જે ઓપરેશન થિયેટરમાં ડોકટરને, પ્રયોગશાળામાં વૈજ્ઞાનિકને, ખેતરમાં ખેડૂતને, વિમાનમાં પાઈલોટને, મધદરિયે વહાણમાં ખલાસીઓને, મંદિરમાં ભક્તને અને માનવ સેવામાં સાચા સેવકોને ભરોસો, શ્રદ્ધા, બળ, કુનેહ અને આવડત આપે છે જેના સહારે આ જગત જીવે છે અને જીતે છે. આ અગોચર અને અદ્રશ્ય શક્તિ એ જ ઈશ્વર છે. જ્યારે બધી બાજુથી થાકી જાવ, હારી જાવ, નિરાશામાં ડૂબી જાવ, અનેક પ્રયત્નો પછી છેલ્લા પ્રયાસોમાં પણ નિષ્ફળ જાવ, ચારેકોર ઘોર અંધકાર છવાય જાય, પોતાના પણ પરાયા લાગવા માંડે એવું ચારેકોર અંધારું છવાઈ જાય પછી જ્યારે નીતરતા નયનો બંધ કરીને મન મંદિરમાં અલખની આરાધના શરૂ થાય ત્યારે અંતરના ઓરડેથી આશાભરી એક આહ નીકળે, પ્રકાશપુંજ સમું અચાનક અજવાળું દેખાય, જીવવાની આશા જાગે, ક્યાંય કોઈનો ઓથ મળે એને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો કહેવાય.આમ અગોચર વિશ્વની જેમ ઈશ્વર એ જોવાનો નહિ પણ અનુભૂતિનો વિષય છે. અસ્તુ. જયશ્રી કૃષ્ણ.

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# દરિયાઈ શેવાળની કૃષિક્ષેત્રે ઉપયોગીતા




ડો. આર.કે. કાલરિયા
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત

સમય સાથે ખેતી પણ ઝડપથી બદલાઈ રહી છે. આજના આધુનિક યુગમાં કૃષિ ક્ષેત્રે વિભિન્ન નવીનતમ અભિગમો આપવામાં આવે છે. જેમાં દરિયાઈ શેવાળ એ પૃથ્વી પરના સમુદ્ર કિનારે, આંતર-ભરતીય વિસ્તારોમાં અને તેની આસપાસના પ્રદેશોમાં જોવા મળતી જળીય વનસ્પતિ છે. જે વિશ્વભરમાં 'સીવીડ' તરીકે પ્રચલિત છે પરંતુ આ દરિયાઈ શેવાળ તેની અનેક ઉપયોગિતાને કારણે વિશ્વભરમાં પ્રચલિત અને મહત્વ ધવરાવે છે. શેવાળ એ સ્થાનીય વનસ્પતિની જેમ પ્રકાશસંશ્લેષણ કરી શકે છે. સમુદ્રની ઊંડાઈએ જ્યાં સુધી સૂર્યનો પ્રકાશ પહોંચી શકે તેટલી ઊંડાઈ સુધી શેવાળ જોવા મળે છે. શેવાળ છીછરા દરિયાકાંઠાના પાણીથી લઈને સમુદ્રના સૌથી ઊંડે સુધીના દરિયાઈ વસવાટો માટે તેમની નોંધપાત્ર અનુકૂળન ક્ષમતા ધરાવે છે. દરિયાઈ શેવાળ જીવસૃષ્ટિ અને વૈશ્વિક પરિસ્થિતિઓમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આમ તે સમુદ્રી વાતાવરણમાં સૌથી મહત્વપૂર્ણ પ્રાથમિક ઉત્પાદક છે. પર્યાવરણ માટે દરિયાઈ શેવાળના ઉપયોગ દ્વારા ઘણા ફાયદાકારક ઉદ્દેશો પ્રાપ્ત કરી શકાય છે, જેવા કે, જમીનની સુધારણા, મહત્તમ કૃષિ ઉત્પાદન, રાસાણિક ખાતરોનો ઓછો ઉપયોગ, વગેરે. પ્રાથમિક ઉત્પાદકો તરીકે તેઓ પ્રકાશસંશ્લેષણ દ્વારા સૌર ઉર્જાને ઓર્ગેનિક કાર્બન પદાર્થોમાં રૂપાંતર કરે છે. જે વિવિધ દરિયાઈ જીવો માટે ખોરાકના સ્ત્રોત તરીકે સેવા આપે છે. દરિયાઈ શેવાળનું વિતરણ અને વિવિધતા તે સૂર્યપ્રકાશની હાજરી, તાપમાન, ભરતી-ઓટ અને ઊંડાઈ જેવા પરિબળો પર આધારિત છે.

સામાન્ય રીતે દરિયાઈ શેવાળને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે : ૧) ક્લોરોફએસીસ (લીલી લીલ) ૨) ફિઓફએસીસ (ભૂખરી લીલ) અને ૩) રોડોફાઈસીસ (લાલ લીલ) દરિયાઈ શેવાળના ખાતરમાં કયા કયા પ્રકારનાં પોષક તત્વો જોવા મળે છે?

દરિયાઈ શેવાળમાંથી બનતા ખાતરમાં ઓક્ઝીન, સાયટોકાયનીન તથા જીબરેલીન જેવા વૃદ્ધિવર્ધક તથા નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટેશિયમ તેમજ ૧૯ પ્રકારના સૂક્ષ્મ પોષક તત્વો જોવા મળે છે.

શેવાળનું ખાતર શું છે? તેનો કયા કયા પાકો ઉપર ઉપયોગ થઈ શકે છે? દરિયામાં જુદી જુદી ઘણા પ્રકારની શેવાળ (લીલ) જોવા મળે છે. વિવિધ જાતોમાં અનેક પ્રકારનાં પોષક તત્વો રહેલાં છે. આ પોષક તત્વોનો ખેતીપાકો ઉપર છંટકાવ કરવાથી પાકમાં સારો વધારો જોવા મળે છે. સામાન્ય રીતે શેવાળનું ખાતર દરેક પાકો માટે ઉપયોગી છે. પરંતુ શાકભાજીના પાકો, બાગાયતી પાકો તથા તેલીબિયાના પાકો ઉપર સારી સકારાત્મક અસર કરે છે.

દરિયાઈ શેવાળનું ખાતર બનાવવા માટે ક્યા ક્યા સાધનોની જરૂરિયાત પડે છે?

શેવાળનું ખાતર બનાવવા માટે શેવાળને દળવા થંટુડો, મોટી સાઈઝના તપેલા તથા શેવાળના ટુકડા કરવા કોયતાની જરૂર પડે છે. આ ઉપરાંત માદરપાટનું કાપડ, કોપર સલ્ફેટ તથા ફીમોલ્ડીહાઈની પણ જરૂર પડે છે.

પ્રવાહી શેવાળનું ખાતર બનાવવા માટે શેવાળ એકત્રિત ક્યારે કરવી? સામાન્ય રીતે શેવાળ એકત્રિત કરવા માટે સપ્ટેમ્બરથી ફેબ્રુઆરી મહિનો વધુ અનુકૂળ આવે છે. શેવાળનું ખાતર ક્યાં મળે છે? તેને કઈ રીતે છાંટવું અને ક્યારે છાંટવું?

બજારમાં વિવિધ પ્રકારનાં ઘણા બાયોફર્ટીલાઈઝર મળે છે. જેની બનાવટ અલગ અલગ હોય છે. જો શેવાળનું ખાતર બાયોફર્ટીલાઈઝર તરીકે વાપરવું હોય તો સરકારી સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ દ્વારા દરિયાઈ શેવાળનું ઉત્પાદન કરીને વેચાણ કરે છે. શેવાળનું ખાતર સામાન્ય રીતે વહેલી પરોઢે અથવા ઢળતી સાંજે છાંટવું હિતાવહ છે. જેથી તેમાં રહેલા અંતઃસ્ત્રાવોનું દિવસની ગરમીમાં બાષ્પીભવન થાય નહી. સામાન્ય રીતે કોઈપણ પાકમાં ફુલ બેસવાની શરૂઆત થાય તે પહેલાના સાત દિવસથી શરૂ કરી દર પંદર દિવસના અંતરે આ શેવાળનું ખાતર ૩.૫ થી ૪.૦ ટકાના પ્રમાણમાં છાંટી શકાય (સ્ત્રોત-ખેડૂત).

દરિયાઈ શેવાળની કૃષિ ક્ષેત્રે ઉપયોગીતા :- દરિયાઈ શેવાળના પાનનો ઉપયોગ થાય છે. ખાસ કરીને તેમાંથી અગાર, આલજેનીક એસિડ અને કેરાજીનીન જેવા ફાઈકોકોલાઈટીસ મેળવામાં આવે છે. જેને રંગ, રસાયણ અને ખાદ્ય પદાર્થના ઉત્પાદનમાં મોટો ભાગ ભજવે છે. તાજેતરની પરિસ્થિતિઓમાં કૃતિમ ખાતર અને જંતુનાશકના વધુ પડતા ઉપયોગને કારણે હાલમાં ખેતરોના કુદરતી પર્યાવરણ અને સંરચના બગડી રહી છે. દરિયાઈ શેવાળનો ઉપયોગ રોગો સામે રક્ષાત્મક તરીકે અને બાગાયતમાં વૃદ્ધિ ઉત્તેજક તરીકે, છોડના વિકાસને પ્રોત્સાહન આપવા અને પાક ઉત્પાદકતા વધારવા માટે કરી શકાય છે. દરિયાઈ શેવાળ એ ખોરાક તેમજ કૃષિ રસાયણોનો સ્ત્રોત છે. છેલ્લા બે દાયકામાં દરિયાઈ શેવાળનો વિવિધ પ્રકારની ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે. દરિયાઈ શેવાળનો બાયોડીઝલ અને બાયોઈથાનોલ બનાવવામાં પણ ઉપયોગ કરવામાં આવે છે. આજે દરિયાઈ શેવાળનો શાકભાજી તરીકે ખોરાકમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે.

દરિયાઈ શેવાળ પર્યાવરણીય વ્યવસ્થાપન અને જમીનની સ્થિરતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દરિયાઈ શેવાળ કેટલીક ફાયદાકારક ભૂમિકાઓ જોવામાં આવી છે. જે જમીનની ફળદ્રુપતા, પાકની વૃદ્ધિ અને ઉપજ પર સકારત્મક અસર કરે છે. ગ્રીનહાઉસ વાયુઓને ઘટાડે છે અને દૂષિત પદાર્થોમાંથી જમીન અને પાણીના નિવારણ માટે સફળતાપૂર્વક ઉપયોગ કરી રાસાયણિક ખાતરની જરૂરિયાત ઘટાડી શકાય છે.

# સુરતમાં વિવિધ માંગણીઓ સાથે રત્નકલાકારોએ કરી હડતાલ

**આજે પણ હડતાલમાં જોડાવા રત્નકલાકારોનું આહ્વાન**



સુરત, તા.૩૦

હીરા ઉદ્યોગમાં છેલ્લા બે વર્ષથી ભારે મંદી ચાલી રહી છે. યોગ્ય કામ અને પગાર ન મળતા રત્નકલાકારોને ઘર ચલાવવું પણ મુશ્કેલ બન્યું છે. તો અનેક રત્નકલાકારોએ આર્થિક ભીંસથી કંટાળી આપઘાત કર્યાના બનાવો પણ સામે આવ્યાં છે. આ મુશ્કેલીનો સામનો કરવા રત્નકલાકારો અને ડાયમંડ વર્કર યુનિયન દ્વારા સરકાર પાસે રાહતની માગ સાથે અનેક રજૂઆતો કરી હતી. તેમ છતાં તેઓની માગ સ્વીકારવામાં ન આવતા તા.૩૦ના રોજ સુરતમાં રત્નકલાકારો હડતાલ પર ઉતર્યા હતા. તેમજ કતારગામથી કાપોદ્રા હીરા બાગ સુધીની ‘રત્નકલાકાર એકતા રેલી’ યોજી હતી. જેમાં મોટી સંખ્યામાં રત્નકલાકારો જોડાયા હતા. સવારે ૯.૩૦ વાગ્યે શરૂ થયેલી રેલી બપોરે ૧ વાગ્યે પૂર્ણ થઈ ગઈ હતી. જો કે ૩૧ માર્ચે એટલે કે આજે પણ રત્નકલાકારો હડતાળ પર ઉતરશે. સુરતના હીરા ઉદ્યોગના ઈતિહાસમાં દાયકાઓ પછી રત્નકલાકારોએ હડતાળ પાડી રેલી કાઢી હતી.

# વાવાઝોડાથી હિમાચલમાં ભૂસ્ખલન, ૬ લોકોના મોત

પાટલીકુહાલ, તા.૩૦



રવિવારે સાંજે લગભગ ૪ વાગ્યે હિમાચલ પ્રદેશના ધાર્મિક પર્યટન સ્થળ મણિકર્ણમાં ગુરુદ્વારા નજીક ટેકરી પરથી ભૂસ્ખલન થયું હતું. ભારે વાવાઝોડાને કારણે એક વિશાળ વૃક્ષ પડવાથી આ ભૂસ્ખલન થયું હતું. આ વૃક્ષ રસ્તા પર પહેલેથી જ પાર્ક કરેલા લગભગ ૬ વાહનો પર પડ્યું. જેના કારણે આ વાહનોમાં મુસાફરી કરી રહેલા કુલ ૬ લોકોના મોત થયા. આ ઉપરાંત કેટલાક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. વહીવટીતંત્ર અને પોલીસ બચાવ કામગીરીમાં રોકાયેલા છે. દુર્ઘટના બાદ કેટલાક લોકો લાંબા સમય સુધી વાહનોની અંદર ફસાયેલા રહ્યા, જેમને પોલીસે બહાર કાઢ્યા હતા. ઘાયલોની સંખ્યા હજુ સ્પષ્ટ નથી. સ્થાનિક લોકોની મદદથી, ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને ગંભીર રીતે ઘાયલોને કુલ્લુ રિફર કરવામાં આવ્યા છે. રસ્તા પરથી કાટમાળ દૂર કરવામાં આવ્યો છે અને તેની નીચે દટાયેલા લોકોની શોધ ચાલુ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ભૂસ્ખલન પછી ઘટનાસ્થળે અરાજકતા ફેલાઈ ગઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હાલમાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

# મધ્યપ્રદેશમાં ઈંડાની લારીવાળાને આઈટી વિભાગે ફટકારી ૬ કરોડની નોટિસ

(એચ.એસ.એલ),દમોહ,તા.૩૦

મધ્યપ્રદેશના દમોહમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં પથરિયા નગરમાં ઈંડાની લારી ચલાવતા શખ્સના નામે દિલ્હીમાં કરોડોનો બિઝનેસ કરતી નકલી કંપની (ડમી કંપની) ચાલી રહી હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો છે. આ કંપનીનું ટર્નઓવર ૫૦ કરોડ રૂપિયાથી વધારે અને તેને ૬ કરોડનો જીએસટી ચૂકવવાનો બાકી છે. જેથી આવકવેરા વિભાગે આ મામલે ઈંડાની લારી ચલાવતા શખ્સને નોટિસ મોકલીને બેંક સ્ટેટમેન્ટ અને અન્ય ડોક્યુમેન્ટની માંગ કરી છે. પ્રિન્સના પિતા શ્રીધર સુમન નાની કરિયાણાની દુકાન ચલાવે છે, તેમણે આ મામલે એસપીને અરજી આપીને ન્યાયની આજીજી કરી છે. એડવોકેટ અભિલાષ ખરેએ જણાવ્યું કે, આ બાબતની માહિતી મળ્યા બાદ તેમણે આવકવેરા વિભાગ સાથે પત્રવ્યવહાર કર્યો છે અને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેથી આ છેતરપિંડીનો પર્દાફાશ થઈ શકે.

# ‘મન કી બાત’માં પીએમ મોદીએ ઉનાળાના વેકેશન અને જળ સંરક્ષણ વિશે ખાસ સંદેશ આપ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩૦

પીએમ મોદીએ શનિવારે ‘મન કી બાત’ના ૧૨૦મા એપિસોડ દ્વારા લોકો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, આજે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પ્રતિપદા તિથિ છે. આજથી ચૈત્ર નવરાત્રિ શરૂ થઈ રહી છે. ભારતીય નવું વર્ષ પણ આજથી શરૂ થઈ રહ્યું છે. આ વખતે વિક્રમ સંવત ૨૦૮૨ શરૂ થઈ રહ્યું છે. મારી સામે ઘણા બધા પત્રો છે.




તેમણે કહ્યું, જ્યારે પરીક્ષાઓ આવે છે, ત્યારે હું પરીક્ષાઓ વિશે ચર્ચા કરું છું. હવે પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે, હવે ઉનાળાની રજાઓનો સમય આવવાનો છે. બાળકો પાસે તેમાં ઘણું કરવાનું હોય છે. આ એક નવો શોખ કેળવવાનો સમય છે. આનાથી બાળકો અને તેમના માતાપિતાને પણ માહિતી મળશે.

પીએમ મોદીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશના ઘણા ભાગોમાં જળ સંરક્ષણના ઘણા રસપ્રદ કાર્યો કરવામાં આવ્યા છે. હું તમને એક રસપ્રદ આંકડા આપું છું. છેલ્લા ૭-૮ વર્ષોમાં, ૧૧ અબજ ઘન મીટર અને તેનાથી વધુ, નવા બનેલા તળાવો, ટાંકીઓ અને અન્ય પાણી રિચાર્જ માળખાઓ દ્વારા પાણીનું સંરક્ષણ કરવામાં આવ્યું છે. તમે સમુદાય સ્તરે પણ આવા પ્રયાસોમાં જોડાઈ શકો છો. તમારે અત્યારથી જ એક યોજના બનાવવી જોઈએ. જો શક્ય હોય તો, તમારા ઘરની સામે એક વાસણમાં ઠંડુ પાણી રાખો. આ પવિત્ર કાર્ય કરવાથી તમને સારું લાગશે.

# આગામી નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે : રિપોર્ટ

નવીદિલ્હી,તા.૩૦

આગામી નાણાકીય વર્ષ (૨૦૨૫-૨૬)માં ભારતીય અર્થતંત્ર (ભારતીય જીડીપી) ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે. આ અંદાજ ઈવાય ઈકોનોમી વોચ દ્વારા લગાવવામાં આવ્યો છે. ઈવાય માને છે કે ભારતીય અર્થતંત્રને એક સંતુલિત રાજકોષીય વ્યૂહરચનાની જરૂર છે જે રાજકોષીય સમજદારી જાળવી રાખીને માનવ મૂડી વિકાસને ટેકો આપે છે, જે લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓને વધારશે. ઈવાય ઈકોનોમી વોચના માર્ચ આવૃત્તિમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતના વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દર ૬.૪ ટકા રહેવાનો અંદાજ છે. આગામી નાણાકીય વર્ષ માટે આર્થિક વિકાસ દર ૬.૫ ટકા રહેવાનો અંદાજ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે આ માટે, રાજકોષીય નીતિને વિકસિત ભારત તરફ દેશની યાત્રા સાથે જોડવાની જરૂર છે.

# ધોરાજીમાં સિંધી સમાજે ઝુલેલાલ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરી

ધોરાજી, તા.૩૦


તસ્વીર : નયન કુહાડીયા

ધોરાજીના સિંધી સમાજે ઝુલેલાલ ભગવાનના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી. જેમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ઝુલેલાલ ચોક ખાતે મહાઆરતી બાદ સિંધી સમાજના લોકોએ ડી.જે.ના તાલે પ્રભાતફેરી યોજી હતી. ત્યારબાદ, ઝુલેલાલ જ્યોત સાહેબના દર્શન અને પૂજા-અર્ચના કરવામાં આવ્યા હતા. તેમજ સવારે ૮.૩૦ કલાકે સિંધી સમાજના લોકોએ બાઈક રેલીનું આયોજન કર્યું હતું, જે ધોરાજી શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. ધોરાજી વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા શોભાયાત્રાનું પુષ્પવૃષ્ટિ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. ભાભા દીપચંદ સાહેબ દરબારમાં પલ્લવ અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે, ભાભા દીપચંદ દરબારમાં પંજડા સાહેબ તથા મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભંડારા સાહેબ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમોનું સમાજે આયોજન કર્યું હતું.

# જસદણના ભાડલામાં પરિણીતાનો ઝેરી દવા ગટગટાવી આપઘાત


જસદણ,તા.૩૦

જસદણના ભાડલા ગામે પરિણીતાએ વાડીએ ઝેરી દવા પી લેતાં રાજકોટમાં સારવાર દરમિયાન મોત થયું હતું. ભાડલામાં ધમબાપુની વાડીએ રહી મજૂરી કરતાં મૂળ સુરેન્દ્રનગરના ધ્રોકડવા ગામના લવકુશ ચાવડાની પત્ની સોનલબેન ચાવડા (ઉ.વ.૨૭) એ ઝેરી દવા પી લેતાં જસદણ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ તેનું ગત શુક્રવારે સાંજે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાયો હતો. આ બનાવમાં રાજકોટ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, ચંદ્રસિંહ, ભાવેશભાઈ, તોફિકભાઈ, ધર્મેન્દ્રભાઈએ ભાડલા પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર સોનલબેનના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતા. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેનું માવતર પણ ધ્રોકડવા ગામે રહે છે. પતિ લવકુશે જણાવ્યું હતું કે પત્નીને કોઈ તકલીફ નહોતી. પોતે રૂમમાં હતો ત્યારે બહાર પત્નીએ કોઈ કારણસર ઝેર પીધું હતું.

**રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત, પરિણીતાએ ક્યા કારણોસર ઝેર પીધું તે સામે આવ્યુ નથી, વધુ તપાસ હાથ ધરાઈ**

# કોડીનારના આલીદરમાં સિંહણનો હુમલો, વન વિભાગની લાપરવાહીથી ગ્રામજનોમાં રોષ

કોડીનાર,તા.૩૦


તસ્વીર : કુલદીપ પાઠક

કોડીનાર તાલુકાના આલીદર ગામે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જ્યારે એક સિંહણે પાંચ વર્ષની માસૂમ બાળકી પર હુમલો કર્યો હતો. જોકે, બાળકીના પિતા અજયભાઈ ગોહિલે પોતાની બહાદુરી દાખવીને સિંહણને મુક્કો મારી પોતાની દીકરીનો જીવ બચાવ્યો હતો. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, છેલ્લા બે મહિનાથી તેઓ વન વિભાગને આ વિસ્તારમાં સિંહોની અવરજવર વિશે જાણ કરી રહ્યા હતા, પરંતુ વન વિભાગે કોઈ યોગ્ય કાર્યવાહી કરી ન હતી. જેના કારણે આ ઘટના બની છે. ગ્રામજનોએ વન વિભાગની લાપરવાહી સામે રોષ વ્યક્ત કર્યો હતો અને માંગણી કરી હતી કે, માનવ લોહી ચાખી ગયેલી સિંહણને તાત્કાલિક પાંજરે પૂરવામાં આવે.

# કોડીનાર તાલુકાના મિતીયાજમાં જર્જરિત આંગણવાડી, બાળકોના જીવ જોખમમાં

ગીર સોમનાથ,તા.૩૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મિતીયાજ ગામમાં આવેલી વર્ષો જૂની બાળઆંગણવાડી જર્જરિત હાલતમાં છે. આ આંગણવાડીમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ કરે છે, પરંતુ આ જર્જરિત મકાન બાળકો માટે ભયજનક સાબિત થઈ રહ્યું છે.

છેલ્લા ત્રણ વર્ષથી મિતીયાજ ગામના સામાજિક કાર્યકર સુરપાલસિંહ બારડ અને લલિત વાળા આ જર્જરિત આંગણવાડીનું નવું બિલ્ડીંગ બનાવવા માટે રજૂઆત કરી રહ્યા છે. તેમણે ન્યૂઝ પેપર



દ્વારા અને તાલુકા તેમજ જિલ્લા કક્ષાના આંગણવાડીના જવાબદાર અધિકારીઓને પણ રજૂઆત કરી હતી. પરંતુ આ રજૂઆતને ધ્યાને લેવાને બદલે આંગણવાડીના રિનોવેશન માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. મિતીયાજ ગામના લોકોએ રિનોવેશનની ગ્રાન્ટથી સંતોષ માન્યો હતો, પરંતુ બે વર્ષ વીતી ગયા હોવા છતાં આંગણવાડીનું રિનોવેશન કરવામાં આવ્યું નથી. મિતીયાજ ગામના સામાજિક કાર્યકર સુરપાલસિંહ બારડ અને લલિત વાળાએ માંગણી કરી છે કે, તાત્કાલિક ધોરણે જો આંગણવાડીનું નવું બિલ્ડીંગ નહીં બનાવાય અથવા રિનોવેશન કરવામાં નહીં આવે, તો તેઓને ઉગ્ર આંદોલન અને ધરણાં કરવાની કરવાની ફરજ પડશે.

# દિલ્હી કેપિટલ્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૭ વિકેટે હરાવ્યું

વિશાખાપટ્ટનમ, તા.૩૦

દિલ્હી કેપિટલ્સે IPL-૨૦૨૫માં સતત બીજી જીત મેળવી છે. રવિવારે રમાયેલી પહેલી મેચમાં ટીમે હૈદરાબાદને ૭ વિકેટથી હરાવ્યું હતું. વિશાખાપટ્ટનમમાં, દિલ્હીએ ૧૬૪ રનનો ટાર્ગેટ ૧૬ ઓવરમાં ૩ વિકેટે ચેઝ કર્યો. ઓપનર ફાફ ડુ પ્લેસિસે ૫૦ રનની ઈનિંગ રમી હતી. જેક ફ્રેઝર મેગર્કે ૩૮ રનનું યોગદાન આપ્યું. બંનેએ ૮૧ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. કેએલ રાહુલે ૧૫ રન બનાવ્યા હતા. અભિષેક પોરેલ ૩૪ અને ટ્રિસ્ટન સ્ટબ્સ ૨૧ રન બનાવી અણનમ રહ્યો હતો. SRH તરફથી ઝીશાન અન્સારીએ ૩ વિકેટ લીધી હતી. ટૉસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી હૈદરાબાદની ટીમ ૧૮.૪ ઓવરમાં ૧૬૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અનિકેત વર્માએ ૪૧ બોલમાં ૬ છગ્ગાની મદદથી ૭૪ રન બનાવ્યા હતા. DC માટે મિચેલ સ્ટાર્કે ૫ વિકેટ લીધી. તો કુલદીપ યાદવે ૩ વિકેટ લીધી હતી.

# ગુજરાતના ઋષિકુમારોનો રાષ્ટ્રીય સંસ્કૃત સ્પર્ધામાં અભૂતપૂર્વ વિજય

અમરેલી, તા.૩૦



નવી દિલ્હીસ્થિત રાષ્ટ્રીય સંસ્કૃતસંસ્થાનદ્વારાઆયોજિતરાષ્ટ્રીય સંસ્કૃત સ્પર્ધામાં ગુજરાતના ઋષિકુમારોએ ગૌરવસભર પ્રદર્શન કર્યું છે. ગુજરાતમાંથી SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના નવ ઋષિકુમારો સ્પર્ધામાં ભાગ લેવા માટે હરિદ્વાર પતંજલિ યોગપીઠ ખાતે પહોંચ્યા હતા, જેમાંથી પાંચ ઋષિકુમારોએ મેડલ જીતીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. કુલ ૨૫ રાજ્યોના એક હજાર જેટલા સ્પર્ધકો વચ્ચે ત્રણ દિવસ ચાલેલી આ સ્પર્ધામાં ગુજરાતના સાત ઋષિકુમારોએ બે ગોલ્ડ મેડલ, બે સિલ્વર મેડલ તેમજ ત્રણ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને સંસ્કૃત ક્ષેત્રે રાજ્યનું નામ રોશન કર્યું હતું. મહત્વની વાત એ છે કે આ સાત મેડલમાંથી પાંચ મેડલ કેવળ દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ પ્રાપ્ત કર્યા હતા. વિજયી ઋષિકુમારોને બાબા રામદેવજી મહારાજ, ઉત્તરાખંડના મુખ્યમંત્રી, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનના કુલપતિ વરખેડીજી વગેરે દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ આ ઋષિકુમારોને અભિનંદન પાઠવ્યા હતા. વિજેતા ઋષિકુમારો – ૧. ભટ્ટ દિવ્યેશ (ગોલ્ડ), ૨. જાની દેવાંગ (સિલ્વર), ૩. સાધુ બ્રહ્મવિહારીદાસજી (બ્રોન્ઝ), ૪. દવે જય (બ્રોન્ઝ), ૫. પંડ્યા શિવમ (બ્રોન્ઝ)નો સમાવેશ થાય છે.

# ધોરાજીના ઉમરકોટમાં ર ૩.૫૦ કરોડની ૨૦૦ વિઘા જમીન દબાણમુક્ત, ૧૯ દબાણકારો સામે કાર્યવાહી

**નાયબ કલેક્ટરની આગેવાનીમાં ૮ JCB અને ૧૫ ટ્રેક્ટરની મદદથી દબાણ દૂર કરાયું, ૩ ગુનેગારોની મિલકતો પણ જપ્ત**

સાવરકુંડલા, તા.૩૦



ધોરાજી તાલુકાના ઉમરકોટ ગામે નાયબ કલેક્ટર નાગાજણ તરખાલાની આગેવાનીમાં જંગલ ખાતાની અંદાજે ૨૦૦ વિઘા જમીન પરનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ જમીનની બજાર કિંમત આશરે ર૩.૫૦ કરોડ રૂપિયા છે. ૨૦૧૦માં ભાદર જળાશયમાં ડૂબમાં ગયેલી જંગલ ખાતાની જમીન પર ૧૫ વર્ષથી ૧૯ દબાણકારોએ ગેરકાયદેસર દબાણ કર્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, જમીન પર થયેલું દબાણ ધ્યાને આવતા દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ માટે કલમ-૬૧ હેઠળ કેસ ચલાવીને કલમ-૨૦૨ હેઠળ નોટિસ આપવામાં આવી હતી. આ પછી, ૮ JCB, ૧૫ ટ્રેક્ટર અને ૫૦ થી વધુ કર્મચારીઓની મદદથી દબાણ દૂર કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં ૬૦ થી વધુ પોલીસ કર્મચારીઓ પણ જોડાયા હતા. આ ૧૯ દબાણકારોમાંથી ૩ લોકો સામે ગુજરાત રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ગુના નોંધાયેલા છે. આ જમીનનો કબજો જંગલ ખાતાને સોંપવામાં આવ્યો છે. આ કામગીરીમાં ધોરાજીના નાયબ કલેક્ટર નાગાજણ તરખાલા, મામલતદાર આર.કે. પંચાલ, ચીફ ઓફિસર જયમલ મોઢવાડીયા, નાયબ કાર્યપાલક ઈજનેર ખોરસીયા, પોલીસ અધિકારીઓ, DILR કચેરીની ટીમ, PGVCLના નાયબ કાર્યપાલક ઈજનેર સોલંકી અને અન્ય કર્મચારીઓ જોડાયા હતા.

# કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જૂનાગઢમાં સાયકલ ચલાવી ફિટ ઈન્ડિયાનો સંદેશ આપ્યો

જૂનાગઢ,તા.૩૦



જૂનાગઢમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ સાયકલ ચલાવીને ફિટ ઈન્ડિયાનો સંદેશ આપ્યો હતો. ભવનાથ તળેટી ખાતે સન્ડે ઓન સાયકલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મંત્રી માંડવીયા ઉપરાંત સ્થાનિક ધારાસભ્ય અને મોટી સંખ્યામાં સાયકલવીરો જોડાયા હતા. આ કાર્યક્રમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ફિટ ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત યોજાયો હતો. ગિરનાર દરવાજાથી સવારે સાયકલ યાત્રા શરૂ થઈ હતી, જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા અને ધારાસભ્ય સહિત અનેક લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સાયકલ સવારોએ જૂનાગઢ શહેરના વિવિધ માર્ગો પર સાયકલ ચલાવીને સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાળવણીનો સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે સાયકલને પોતાનો બેસ્ટ ફ્રેન્ડ બનાવો. તેમણે કહ્યું કે સન્ડે ઓન સાયકલ હવે સમગ્ર દેશમાં એક મુવમેન્ટ બની ગઈ છે અને દેશના ૫૦૦૦ સ્થળો પર સાયકલ ચલાવીને લોકોએ આ સંદેશો આગળ વધાર્યો છે. સાયકલ ચલાવીને ફિટ ઈન્ડિયાનો સંદેશો બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો છે. મંત્રી માંડવીયાએ ઓબેસિટી (મેદસ્વીતા) સામે લડવા માટે સાયકલિંગને શ્રેષ્ઠ માધ્યમ ગણાવ્યું હતું. તેમણે દેશના યુવાનોને દર રવિવારે સાયકલ ચલાવવા માટે આહ્‌વાન કર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સાયકલ એ દરેક વ્યક્તિને સ્વસ્થ રાખવામાં મદદ કરશે. કાર્યક્રમમાં જોડાયેલા સાયકલિસ્ટ પ્રિયંકા ટીંબડીયાએ જણાવ્યું હતું કે, સાયકલ ચલાવવી એ માત્ર એક કસરત નથી, પરંતુ તે પર્યાવરણને બચાવવામાં પણ મદદ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે યુવાનોએ સાયકલિંગને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવવો જોઈએ.

# ચૈત્રી નવરાત્રી શરૂ થતા રાજ્યના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ



અમદાવાદ,તા.૩૦

શનિવાર ૩૦ માર્ચથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થતા જ ગુજરાતભરના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી છે. ખાસ કરીને રાજ્યની શક્તિપીઠોમાં આ તહેવારનું અનેરું મહત્વ હોવાથી ત્યાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડયા હતા. મહિસાગર જિલ્લામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. માતા મહાકાળીના દર્શન માટે હજારો ભક્તોએ વહેલી સવારથી જ પાવાગઢ પર્વત પર ચઢવાનું શરૂ કર્યું હતું. ભક્તો લાંબી કતારોમાં ઉભા રહીને માતાના દર્શન માટે પોતાના વારાની રાહ જોતા જોવા મળ્યા હતા. મંદિર પરિસર અને તેની આસપાસના વિસ્તારોમાં ભક્તોની ભારે ભીડને કારણે ભારે ચહલપહલ જોવા મળી હતી. પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દર્શનનો સમય પણ લંબાવવામાં આવ્યો છે.

# પાકિસ્તાન અને મુસ્લિમોનો અત્યાચાર ક્યારેય ભૂલાવાનો નથી : નીતિન પટેલ

મહેસાણા,તા.૩૦



મહેસાણામાં સિંધી સમાજ દ્વારા આયોજન કરવામાં આવેલા ચેટીચાંદ મહોત્સવમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે વિવાદિત નિવેદન આપ્યું છે. ઔરંગઝેબ વિવાદ અને મુસ્લિમો દ્વારા કરવામાં આવેલા અત્યાચાર પર નીતિન પટેલે વિવાદિત નિવેદન આપ્યું છે. નીતિન પટેલે સ્ફોટક નિવેદન આપતા કહ્યું હતું કે પાકિસ્તાનમાં થયેલ અત્યાચાર અને મુસ્લિમોનો અત્યાચાર ક્યારેય ભૂલાવાનો નથી. તેમણે આપણા અનેક મંદિરો તોડી મસ્જિદો બનાવી છે. આ સાથે જ તેમણે જણાવ્યુ હતું કે ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ ધીમે ધીમે બધુ પાછુ લાવી રહ્યાં છે. આપણે સહકાર આપવાનો, માત્ર જોઈ નહીં રહેવાનું. તેમણે જરુર પડે ત્યારે મદદ કરવા માટે પણ જણાવ્યું હતું. નીતિન પટેલે કાર્યક્રમમાં વધુમાં જણાવ્યું કે ઔરંગઝેબનું ભૂત પાછુ ધૂણે છે. મહારાષ્ટ્રમાં મરાઠાઓ પણ આનો કાંઈક ઉપાય કરશે. સીએમ દેવેન્દ્ર ફડણવીસ ઉપાય કરશે. જે લોકોએ આપણા પર અત્યાચાર કર્યો, બેન દીકરીઓની આબરૂ લૂંટી, દીકરીઓને ઉપાડી જઈ ધર્માંતરણ કરી ફરજિયાત લગ્ન કર્યા, તે કલંકરૂપ ભૂતકાળ ભૂલીને એમાં તકલીફ પડી હોય એને મદદરૂપ થવાનું છે.


OXFORD SCHOOL OF SCIENCE AMRELI

ગુજરાતી માધ્યમ **ઓક્સફર્ડ** સ્કૂલ ઓફ સાયન્સ

કેરીયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855

**ધો. 11 સાયન્સ ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે**

**વેકેશન બેચ (બ્રિજ કોર્ષ)**

**(ફાઉન્ડેશન)**

**ધો. 6 થી 10 ગણિત - વિજ્ઞાનનો સંપુર્ણ પાયો જે ધો. 11/12 સાયન્સ (JEE/NEET) માટે ખુબ જ જરૂરી છે.**

**બ્રિજ કોર્ષ (ફાઉન્ડેશન)**

**તા. 1 એપ્રિલથી શરૂ** **સમય : સવારે 8 થી 11**

★ છેલ્લા દસ વર્ષથી ધો. 12 સાયન્સ પરિણામમાં જિલ્લામાં પ્રથમ નંબરે "ઓક્સફર્ડ સ્કૂલ"
★ સ્કૂલ કેમ્પસમાં જ ભાઈઓ - બહેનોની હોસ્ટેલ સુવિધા.
★ સમગ્ર અમરેલી જિલ્લામાં સંપૂર્ણ ક્વોલીફાઈડ, સૌથી વધુ અનુભવી સમર્પિત શિક્ષકોની ટીમ.
★ સરકારશ્રી દ્વારા અપાતી શિષ્યવૃત્તિ (JEE/NEET કોચિંગ સહાય, નમો લક્ષ્મી/સરસ્વતી યોજના સહાય, ભોજન સહાય, એકંદરે રૂ. 75,000 થી રૂ. 1,30,000)નો 100% લાભ અપાવતી જિલ્લાની એકમાત્ર સંસ્થા.

-: સંસ્થાના માર્ગદર્શકો :-
ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ
શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબ

-: શિક્ષકો એ જ સંચાલકો :-
મયુરભાઈ ગજેરા
નિલેષભાઈ ગજેરા
પ્રહલાદભાઈ વામજા

